॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# શતદલ
# પ્રમુખ-પરિમલ

(બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૧૦૦ પ્રેરક જીવન પ્રસંગો)

**સંકલન**

સાધુ આદર્શજીવનદાસ

**પ્રકાશક**

**સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

# પ્રસ્તાવના


'આપ એટલા બધા પવિત્ર અને નિર્મળ છો કે જગત જો આપના જીવનમાંથી બોધપાઠ લે તો તે યુદ્ધ, ગુનાખોરી અને આત્મવિનાશમાંથી મુક્ત થઈ જાય. આપની પાસે જીવનના જટિલમાં જટિલ પ્રશ્નોના વાજબી જવાબો છે.'

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવન વિશેનો આ અનુભવ છે કેનેડા દેશના પૂર્વ સોલિસિટર જનરલ શ્રી બોબ કપ્લાનનો.

મનુષ્યજીવન જો સમસ્યાઓનો સરવાળો હોય તો પ્રમુખસ્વામી મહારાજનું જીવન એ સરવાળાને શૂન્ય પર લાવી દે તેવું હતું. સંસાર-સંગ્રામે ઘવાયેલાની સંજીવની એટલે તેઓનું જીવન. જેમ વહેતી નદીમાંથી સૌ પાણી પીને તરસ છિપાવે તેમ પ્રમુખસ્વામી મહારાજની જીવનસરિતા પણ બાળક-બૂઢા, નાદાન-ખાનદાન, મજૂર-માલિક વગેરે સૌની જીવનતૃષા સંતોષે તેવી.

'અમને ક્યારેય કોઈનું અહિત કરવાનો વિચાર આવ્યો નથી.' આ તેઓના પ્રાસંગિક ઉદ્‌ગાર નહોતા, પણ એ હતી તેઓની કાયમી જીવનશૈલી. વિશ્વની અતિ પ્રભાવશાળી વીસ વિભૂતિઓમાં સ્થાન પામવા છતાં તેઓ નાનામાં નાની વ્યકિતના બનીને રહેલા. તેઓની મહાનતા 'ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ'માં ચાર-ચાર વાર સ્થાન પામવાથી નહીં, પણ તેઓ લાખોના હૃદયમાં સ્થાન પામ્યા તેથી. રાષ્ટ્રપતિથી હળપતિ સુધીના સૌએ પોતાના જીવનના કસબ પ્રમુખસ્વામી મહારાજ પાસેથી શીખ્યાની કબૂલાત ખુલ્લેઆમ કરી છે.

પ્રમુખસ્વામી મહારાજના આવા પ્રેરક અને પ્રભાવક જીવનના ૧૦૦ પ્રસંગોનો પરિમલ આ પુસ્તિકારૂપે આપના હાથમાં મૂકવામાં આવ્યો છે. તે દુન્યવી દુર્ગંધથી અકળાતા આપણને સુખ-શાંતિ તથા સંવાદિતા-સફળતાની સુગંધ પમાડે તેમ છે. ચાલો, એ સુગંધને શ્વાસમાં ભરીએ.



બીજાના ભલામાં આપણું જ ભલું છે.
બીજાના સુખમાં આપણું જ સુખ છે.
બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ છે.

**– બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ**

## ૧ ...ત્યારે તેઓ ઊભા નહોતા થયા !

એ તારીખ હતી – ૧૩ જૂન, ૧૯૮૮.

આ દિવસે પ્રમુખસ્વામી મહારાજને કૅનેડા દેશની સરકારે પોતાના સંસદ ભવનમાં ચાલુ સત્રે પધરાવેલા.

તેઓ પધારતાં જ સંસદના અધ્યક્ષ શ્રી જહોન ફેઈઝરે જાહેરાત કરીઃ 'I wish to draw attention of members to the presence in the gallery of Pramukh Swami Maharaj, Head of Swaminarayan Mission...' (હું સ્વામિનારાયણ સંસ્થાના વડા પ્રમુખસ્વામીની ઉપસ્થિતિ તરફ સૌ સંસદ-સભ્યોનું ધ્યાન દોરવા માંગું છું...)

આ ઉદ્‌ઘોષણા સાથે જ સંસદ ભવન તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યું.

સૌની નજર આમંત્રિત મહાનુભાવોની ગૅલરી તરફ મંડાઈ. સૌ આતુર હતા – સ્વામીશ્રીનાં  દર્શન માટે. કારણ કે, કૅનેડાના સંસદ ભવનમાં પ્રથમ વાર જ કોઈ હિંદુ ધર્મગુરુ આવું સન્માન પામી રહેલા.

આવા ઐતિહાસિક અવસરે જ્યારે સૌ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન માટે ઉત્સુક હતા ત્યારે સૌનું અભિવાદન ઝીલવા તેઓ ઊભા નહોતા થયા. તેઓ જે સંતના હાથમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ (ભગવાન સ્વામિનારાયણની ચલમૂર્તિ) હતા તેઓને ઊભા થવા માટે સમજાવી રહેલા. તેમ કરીને

સ્વામીશ્રીએ સૌને પ્રથમ ભગવાનનાં દર્શન કરાવ્યાં. પછી જ પોતે ઊભા થયા.

## ૨ પ્રગતિનું રહસ્ય

પ્રમુખસ્વામી મહારાજની પ્રગતિનો આલેખ(ગ્રાફ) આકાશને આંબી જાય એવો દેખાય છે.

માત્ર ૪૫ વર્ષમાં ૧,૧૦૦થી વધુ મંદિરોનું નિર્માણ,

માત્ર ૪૫ વર્ષમાં ૧,૦૦૦થી વધુ યુવાનોને સંતદીક્ષા,

વિશ્વના અનેક દેશોની સંસદમાં સન્માન,

'યુનો'માં એક અબજ હિંદુઓનું પ્રતિનિધિત્વ કરીને ધર્મસંદેશનું પ્રદાન,

સમાજસેવાની ૧૫૦થી વધુ પ્રવૃત્તિઓનું સફળ સંચાલન...

અધધધ થઈ જવાય તેવાં આવાં તો કંઈક કાર્યો ! એ પણ અલ્પ સમયાવધિમાં ! તેય કોઈ પણ પ્રકારના લૌકિક અભ્યાસ વિના ! સાથે સાથે સમતા, મમતા, સ્થિતપ્રજ્ઞતા, કર્મઠતા, નિર્લેપતા, અહંશૂન્યતા જેવા કંઈક સદ્‌ગુણો...

આવું ઘણું ઘણું નિહાળીને એક પ્રશ્નોત્તરી દરમ્યાન સંતોએ પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું હતું કે 'આપે કરેલી પ્રગતિનું રહસ્ય શું છે?'

ત્યારે પ્રમુખસ્વામી મહારાજ બોલેલા : 'પ્રગતિનું રહસ્ય એક જ વસ્તુ છે – કઈ રીતે ગુરુ રાજી થાય એ વિચાર. ગુરુ સાચા મળ્યા અને ગુરુની આજ્ઞા પ્રમાણે જીવન કર્યું. જે કાંઈ

પ્રગતિ છે એનું મુખ્ય કારણ ગુરુનો રાજીપો, ગુરુની દૃષ્ટિ અને ગુરુના આશીર્વાદ.'

## 3 શાથી સદા સ્થિર ?

'માન-અપમાનના પ્રસંગો થઈ ગયા પછી આપ જાણે કાંઈ બન્યું જ ન હોય એમ વર્તી શકો છો. આ સ્થિતપ્રજ્ઞતા પાછળ કયો વિચાર કાર્ય કરે છે ?' – પ્રમુખસ્વામી મહારાજની જીવનશૈલી જોઈને તેઓને આ પ્રશ્ન પુછાયો હતો.

ત્યારે તેઓએ જણાવેલું: 'માન-અપમાનના પ્રસંગોમાં ભગવાન અને ગુરુ રાજી થતા હોય એમ આપણે રાજી થઈ વર્તવું એટલે કોઈ જાતનો વાંધો ન આવે. બધા સમજે છે ને આપણે નથી સમજતા એમ માનવું. બધા આપણાથી મોટા છે, આપણે નાના છીએ એમ સમજવું. એવો ભાવ હોય પછી આપણા જીવનમાં માન-અપમાનનો વિચાર કે સંકલ્પ ન રહે. માટે એનું દુઃખ લગાડવાનું હોય નહીં. એને માટે વિચાર કરવાનો પણ હોય નહીં. એટલે આપણને વાંધો ન આવે.'

## ૪ પહેલેથી જ એ અનુભૂતિ

'મારે એક પ્રશ્ન છે.' રાજકોટમાં એક સભા બાદ ઉતારે પધારી રહેલા સ્વામીશ્રીને કોઈ અજાણ્યા યુવાને આવીને

અચાનક જ આમ કહ્યું.

સ્વામીશ્રીએ પણ સંમતિ આપી: 'પૂછ.'

તેણે પૂછ્યું: 'આપે ભગવાનનાં દર્શન કર્યાં છે?'

'કર્યાં છે એટલે તો આનંદ છે અને જોયા છે એટલે તો વાત (ભગવાનની) કરીએ છીએ.' સ્વામીશ્રી સહજતાથી બોલ્યા.

'આપને (ભગવાનનાં દર્શન) તાદૃશ જ છે?'

'હા, તાદૃશ જ છે.'

'તો મને દેખાડો.'

'એમ ને એમ ન દેખાય. ગુરુના વચનમાં વિશ્વાસ રાખીને મંડવું પડે. મને તો ગુરુમાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન થાય છે.'

એક લબ્ધપ્રતિષ્ઠ પત્રકારે પણ બોરસદમાં સ્વામીશ્રીને કંઈક આવું જ પૂછેલું કે 'આપને ભગવાનનો સર્વપ્રથમ અનુભવ ક્યારે થયો હતો?'

ત્યારે સ્વામીશ્રી બોલેલા : 'પહેલેથી જ એ અનુભૂતિ છે.'

## ૫ આપ્યું એથી વધુ સારું કરીને...

આણંદમાં નવા બંધાયેલા એક ઘરમાં પ્રમુખસ્વામી મહારાજનો નિવાસ ગોઠવવામાં આવેલો. તે ઘરનાં શૌચાલય અને બાથરૂમમાં નવી મોઝેઈક ટાઈલ્સ ચોંટાડી હતી, પરંતુ

નવા બાંધકામને કારણે ટાઈલ્સ પર હજુ સિમેન્ટ અને રંગનાં ડાઘા-ડૂઘી એમ ને એમ હતાં.

જ્યારે સ્વામીશ્રી શૌચ-સ્નાન માટે તેમાં ગયા ત્યારે તેઓએ એ ડાઘા જોયા ને ટાઈલ્સની સાફસૂફી કરવા મંડી પડ્યા. જ્યાં સુધી હાથ પહોંચે ત્યાં સુધી સાફસૂફી કરી નાંખી. આ જોનાર એક મુમુક્ષુ સ્વામીશ્રી પાસે દોડી ગયા અને કહ્યું : 'સ્વામી ! આપ રહેવા દ્યો. અમે કરી નાંખીશું.'

વળી, તેઓએ ઉમેર્યું : 'અહીં દોઢ દિવસ રહેવું ને ક્યાં આટલી બધી મહેનત કરવી !'

આ સાંભળી પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા : 'એમ ન ચાલે. કરવું જ જોઈએ. આપણે જ્યાં રહ્યા હોઈએ ત્યાંથી જઈએ ત્યારે એને સાફ કરીને મકાન આપવું જોઈએ. એણે જેવું આપણને આપ્યું હોય એનાથી વધુ સારું સાફ કરીને, ધોઈને આપવું જોઈએ. આપણે સાફ કરીએ તો આપણી સેવા થઈ જાય ને !'

## ૬ તમારી રાહ જોઉં છું...

સન ૧૯૮૫માં લંડન મુકામે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા 'કલ્ચરલ ફેસ્ટિવલ ઑફ ઈન્ડિયા'નું આયોજન થયું હતું. આ અવસરે આકર્ષક અને કલાત્મક 'સ્વામિનારાયણ નગર' રચવામાં આવેલું. સાથે સાથે ભવ્ય ભારતની ઓળખ આપતા અદ્‌ભુત કાર્યક્રમો પણ સભામંચ પરથી રોજેરોજ

પ્રસ્તુતિ પામતા રહેતા.

પ્રતાપસિંહ પરમાર પોતાની ગાડીમાં બેસાડીને સ્વામીશ્રીને ઉતારેથી ઉત્સવ-સ્થળે લઈ જવાની સેવા કરતા. બપોરે ભોજનના સમયે સ્વામીશ્રી તેઓને પણ પોતાની સાથે જ જમવા બેસાડતા.

એક વાર તા. ૧-૮-'૮૫ના રોજ આ ગાડીચાલક ભોજનની વેળાએ નજરે ન ચઢ્યા. તેથી સ્વામીશ્રીએ તેઓને ફોન કર્યો ને જણાવ્યું : 'બાપુ! તમારી રાહ જોઉં છું. જમવાનું અહીં રાખ્યું છે. હું જમ્યો નથી. તમે આવો પછી જમીએ.'

૧૨:૪૦ વાગ્યે આમ ફોન કરી સ્વામીશ્રીએ ૨:૧૦ વાગ્યા સુધી તે હરિભક્તની રાહ જોઈ, છતાં તેઓ ન આવતાં ફરી ફોન કર્યો. ત્યારે પ્રતાપસિંહે જણાવ્યું : 'બાપા ! આજે હું મોડો નવરો થઈશ એમ લાગે છે. માટે આપ જમી લો.'

આ સાંભળ્યા બાદ જ સ્વામીશ્રીએ પોતાના મોંમાં કોળિયો મૂકેલો.

## ૭ લાખો રૂપિયાની ભેટ !

સન ૨૦૦૯માં દાહોદ વિસ્તારની સત્સંગપ્રવૃત્તિ સંભાળતા એક કાર્યકરે આ આદિવાસી પટ્ટાની કઠણાઈ ગણાવતાં પ્રમુખસ્વામી મહારાજને આમ કહ્યું કે 'સ્વામીબાપા ! આ આદિવાસી વિસ્તાર એવો છે કે ઘણી વખત તો સંતો ઘરે ઘરે પધરામણીઓ કરે તોપણ ગાડીના ડીઝલના ખર્ચા

જેટલીયે ભેટ ન આવે.'

ત્યારે તરત જ સ્વામીશ્રીએ ઉત્તર વાળેલો: 'આપણે તો ગાંઠનું ગોપીચંદન ઘસીને તિલક કરીને જવાનું છે. આપણે ત્યાં સત્સંગ કરાવવા માટે જવાનું છે, પૈસા માટે નહીં. તેઓને સત્સંગ થાય એ જ બહુ મોટી વાત છે. સૌ વ્યસન-દૂષણ મૂકે તો જીવનમાં આગળ વધે. તે માટે જવાનું છે.'

સન ૧૯૭૯માં સુરત જિલ્લાનાં દેદવાસણ, ગોપળા, વાંસકુઈ વગેરે આદિવાસી ગામોમાં, વરસતા વરસાદમાં, ઝૂંપડે-ઝૂંપડે, નીચા નમી-નમીને, ફાનસના અજવાળે પધરામણીઓ કરતા સ્વામીશ્રી સમક્ષ એક આદિવાસીએ સવા રૂપિયો ભેટમાં મૂકતાં કહેલું: 'બાપા! અમારી પાસે જે છે તે આપીએ છીએ.'

ત્યારે પણ પ્રમુખસ્વામી મહારાજે જણાવેલું: 'તમે બધા વ્યસનો છોડીને ભગવાનની ભક્તિ કરો છો તે અમારે મન લાખો રૂપિયાની ભેટ જ છે!'

## ૮ કાચમાંથી કે ફ્રેમમાંથી?

સન ૧૯૮૦માં મોતિયો ઉતરાવ્યા બાદ સ્વામીશ્રીનાં ચશ્માંનાં નંબર બદલાયા હતા. તેથી નવા કાચ નંખાવવા માટે ચશ્માં એક હરિભક્તને આપવામાં આવ્યા. તેઓએ ચશ્માનાં કાચ તો બદલાવ્યા પણ સાથે સાથે સ્વામીશ્રીનાં ચશ્માંની સસ્તી અને સાદી ફ્રેમને પણ બદલી નાંખી. નવી,

સુંદર અને કીમતી ફ્રેમમાં નવા નંબર મુજબના કાચ જડી તેઓ સ્વામીશ્રી પાસે ચશ્માં લઈ આવ્યા.

તે જોઈ સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું: 'આ નવી ફ્રેમ કેમ કરાવી ?'

'બાપા ! આ સારી લાગશે.'

પણ સ્વામીશ્રીએ જૂની ફ્રેમ જ રાખવાનો આગ્રહ સેવ્યો. સામે તે હરિભક્ત પણ નવી, આકર્ષક ફ્રેમવાળાં ચશ્માં જ સ્વામીશ્રી પહેરે તે માટે પ્રેમસભર દલીલ કરતા રહ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું: 'મારે જોવાનું છે તે કાચમાંથી છે કે ફ્રેમમાંથી ?'

આ સાંભળતાં તે હરિભક્ત નિરુત્તર થઈ ગયા.

સ્વામીશ્રીએ જૂની, સસ્તી અને સાદી ફ્રેમથી જ કામ ચલાવ્યું.

## ૯ ભલે ખર્ચો થાય...

બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ઉકાઈમાં આદિવાસી બાળકોને અભ્યાસની સાથે સાથે રહેવા-જમવાની વ્યવસ્થા પણ નિઃશુલ્ક રીતે પૂરી પાડતું છાત્રાલય ચલાવવામાં આવે છે.

એક વાર સ્વામીશ્રી તેની મુલાકાતે પધારેલા. નિરીક્ષણ વખતે સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને પૂછ્યું: 'બાળકોને સવારે નાસ્તામાં શું આપો છો ?'

'બટાટા-પૌંઆ, ચણા, દૂધ વગેરે આપીએ છીએ.'

'દૂધ કેવું આપો છો?'

'પાઉડરનું.'

'બધાને તે ભાવે છે?'

'કોઈને ન ભાવે તો ન પણ પીએ.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે: 'આપણે ગાય કે ભેંસનું દૂધ આપવું, જેથી કોઈ પીધા વગર ન રહે. છોકરાઓનું શરીર બગડે તેવું ન કરવું. ખોરાક સારો મળે, શરીર સારું રહે, અભ્યાસ સારો કરે અને સંસ્કાર સારા મળે – આ વસ્તુ ઉપર બરાબર ધ્યાન રાખવું. એ માટે ખર્ચ થાય તો વાંધો નહીં.'

પછી પલંગ પર ઓઢવા મૂકેલા ધાબળા જોઈને સ્વામીશ્રીએ કહ્યું: 'આ ધાબળા ટાઢ હરે તેવા ફક્કડ છે. પણ તેને ખોળિયાં કરાવી દેવાં, જેથી બાળકો ઓઢે ત્યારે ગાલે વાગે નહીં.'

નિઃશુલ્ક વ્યવસ્થામાં પણ કેટલી કાળજી!!

સન ૧૯૮૭-૮૮ના વર્ષ દરમ્યાન સૌરાષ્ટ્રમાં પડેલા દુષ્કાળ વખતે પ્રમુખસ્વામી મહારાજે સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિના વ્યવસ્થાપકોને કહેલું:

'તમે ગોંડલ ગુરુકુળ તથા ભાદરા હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓના ઘેર જઈને 'સર્વે' (survey) કરી આવો કે કોણ કોણ રાહતકામ કરે છે? જે મા-બાપ રાહતકામ કરીને પોતાનું માંડ પૂરું કરતાં હોય એ બિચારાં છોકરાંની

ફી કઈ રીતે ભરી શકે? માટે એવી જેની જેની ફી લીધી હોય એ પાછી આપી આવજો અને આવતી સાલની ફી પણ લેતા નહીં. તેને યુનિફોર્મ કરાવી આપજો. ભણવાનાં પુસ્તકો અને નોટબુક પણ મફત આપજો. અનાજ પણ જોઈએ તો આપજો. જો તે લેતાં અચકાય તો એનું માન જળવાય એ રીતે ઘેર જઈને આપી આવજો. ભલે ખરચો થાય. આપણું તો ભગવાન બધું સંભાળનારા છે.'

## ૧૦ કાંટાનો જવાબ ગુલાબ

થાપામાં થયેલી ગાંઠના ઑપરેશન પછી પ્રમુખસ્વામી મહારાજ મુંબઈમાં એક હરિભક્તના ઘેર આરામ માટે રોકાયા હતા. આ સમયે એક ઉચ્ચ હોદ્દેદાર સ્વામીશ્રીને મળવા આવી પહોંચ્યા. પૂર્વગ્રહથી પીડાતા તે અતિ ક્રોધના આવેગમાં વાહિયાત આક્ષેપોનો ટોપલો અતિ કર્કશ શબ્દોમાં સ્વામીશ્રી પર ઢોળવા લાગ્યા. બીમાર વ્યક્તિના તો ખબર-અંતર પૂછવાના હોય, એવું સામાન્ય વિવેકભાન પણ તેઓ ગુમાવી બેઠેલા. પરંતુ સ્વામીશ્રીએ તેઓને ઊભરો ઠાલવવા દીધો. સ્વબચાવનો એક શબ્દ પણ બોલ્યા નહીં. એટલું જ નહીં, સાથે બેઠેલા સંતો પેલા ભાઈના અવિવેકને સુધારવા ગયા તો તેઓને પણ સ્વામીશ્રીએ વાર્યા.

આ ઘટનાને બે વર્ષ વીતી ગયાં. સ્વામીશ્રીનું અપમાન કરનાર તે મુરબ્બી કંઈક કામ અંગે નૈરોબી ગયેલા. તેઓને

સમાચાર મળ્યા કે પ્રમુખસ્વામી મહારાજ પણ અહીં જ છે. તેથી તે સ્વામીશ્રી પાસે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીએ સભાના આસન પરથી ઊભા થઈ તેઓનું હાર પહેરાવી સ્વાગત કર્યું અને મંચ પર પોતાની સાથે જ બેસાર્યા. ઇંગ્લેન્ડ અને આફ્રિકાનાં સત્સંગ મંડળોના આગેવાનો સભામાં આવ્યા ત્યારે પ્રત્યેક વખતે ઊભા થઈને તે આગેવાનોને આ ભાઈની ઓળખાણ કરાવી. એટલું જ નહીં, તેઓ જે કામ અંગે આફ્રિકા આવેલા તેમાં તેઓને જરૂરી સહકાર નહોતો મળતો, તો સ્વામીશ્રીએ સ્વયં સભામાં તે કાર્યની જાહેરાત કરી અને સૌને સહકાર આપવા અનુરોધ કર્યો. ખૂબીની વાત તો એ હતી કે પેલા ભાઈ તે વખતે કોઈ હોદ્દા પર નહોતા !

## ૧૧ હું આટલું ન કરું ?

સન ૧૯૭૮માં વિદેશયાત્રાથી પરત પધારેલા સ્વામીશ્રીનો સત્કાર સમારંભ મુંબઈના યુવક મંડળે યોજેલો. આ પ્રસંગે એક રસપ્રદ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થવાનો હતો, જેની ટિકિટો વેચવામાં આવેલી. આ ભંડોળમાંથી સમારંભનો ખર્ચ કાઢવાનો હતો.

પરંતુ કાર્યક્રમના સમયે ગરબડ એ થઈ કે ટિકિટધારકો આવે તે પહેલાં તો હૉલ હરિભક્તોથી ભરાઈ ગયો. તેથી હૉલની બહાર ટિકિટધારકોએ હંગામો મચાવ્યો. તે જોઈ હૉલનો મૅનેજર ગભરાયો. તેણે આયોજક યુવકોને કહ્યું :

'તમે પરિસ્થિતિ થાળે પાડો. નહીં તો પોલીસ બોલાવીશ.'

આથી યુવકો મૂંઝાયા. તેઓ અંદર કાર્યક્રમ નિહાળી રહેલા સ્વામીશ્રી પાસે આવ્યા અને તેઓને પરિસ્થિતિથી વાકેફ કર્યા.

વિગત જાણી સ્વામીશ્રી તુરત જ બહાર પધાર્યા અને અકળાયેલા આગંતુકોને વિનવતાં કહ્યું: 'હું આપની માફી માંગું છું. અમારી ભૂલ છે. તમારા માટે ખાસ બીજો કાર્યક્રમ રાખીશું.'

આ શબ્દોથી જ સૌનો રોષ ઠંડો પડી ગયો. સૌ શાંતિથી વીખરાઈ ગયા. પરંતુ આયોજક યુવકોનું અંતર ડંખવા લાગ્યું. તેઓને થયું : 'આપણી ભૂલને સ્વામીશ્રીએ પોતાના માથે લઈ લીધી! આપણા લીધે તેઓને પોતાના સન્માન સમારંભમાં જ માફી માંગવી પડી!'

કાર્યક્રમ બાદ સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે યુવકોએ તેઓ સમક્ષ આ બાબતે દિલગીરી વ્યક્ત કરી. તે સમયે પ્રમુખસ્વામી મહારાજ એટલું જ બોલ્યા કે 'તમે સેવા કરો છો તો તમારા માટે હું આટલું ન કરું?!'

## ૧૨ એ જ હાથે...

કંથારિયા (જિ. સુરેન્દ્રનગર) મુકામે મંદિર તૈયાર થતાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે યોગીજી મહારાજે પોતાના વતી પ્રમુખસ્વામી મહારાજને મોકલેલા. પ્રતિષ્ઠા નિમિત્તે આયોજિત

ત્રિદિવસીય પારાયણના મુખ્ય વક્તા પણ તેઓ જ હતા.

અહીં એક વાર કથા બાદ તેઓ રસોડા આગળથી પસાર થતા હતા. તે સમયે તેઓએ જોયું કે એક સંત પૂરીઓ વણી રહ્યા છે. તે જ સંત પૂરીઓ તળી પણ રહેલા. તે સંતને બેય ક્રિયા સાથે કરવામાં પડતી અડચણ પ્રમુખસ્વામી મહારાજથી અજાણી ન રહી. તેઓ તરત જ તેલના એક ખાલી ડબ્બાને ઊંધો કરી તે પર બેસી ગયા અને પૂરીઓ તળવા લાગ્યા.

જે હાથે મૂર્તિપ્રતિષ્ઠા થવાની હતી એ જ હાથે આજે પૂરીઓ તળાવા માંડી ! જે કથાકાર વ્યાસપીઠ પર બેસી હજી હમણાં તો કથારસ રેલાવતા હતા, એ જ વક્તા અત્યારે ડબ્બા પર બેસી પૂરીઓ તળવા માંડ્યા !

વિરાટ સંસ્થાના 'પ્રમુખ'ની આ રીત, આધ્યાત્મિક ગુરુપદે આવ્યા પછી પણ અખંડિત રહી. ગુરુપદે આરૂઢ થયા બાદ એક વાર ગોંડલમાં મંદિરનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ ભંડારમાં જોયું કે રોટલી માટેનો લોટ વધારે છે અને વણનારા ઓછા છે. તેથી ઠાકોરજીનો થાળ અને ભક્તોનું ભોજન સમયસર થાય તે માટે તેઓ તરત જ પાટલા પર બેસીને રોટલીઓ વણવા મંડેલા. એ જ હાથે, જે હાથ અનેક વિરાટ કાર્યોના વિશ્વકર્મા બનેલા.

## ૧૩ રડવાથી શું થાય?

તા. ૩૧-૩-૨૦૧૧ના રોજ સ્વામીશ્રી સાથે મીટિંગમાં

બેઠેલા નારાયણમુનિ સ્વામીએ સ્વાસ્થ્યના સંદર્ભમાં તેઓને પૂછ્યું : 'બાપા! આપના ખભે કેવું છે ? હવે ખભો દુઃખે છે ?'

'હા, થોડું-ઘણું દુઃખે. બીજું ખાસ કાંઈ નથી.'

'એટલે દુઃખે તો છે ને ! '

'પણ રડવાથી શું થાય? સહન કરવું. રડવાથી દુઃખ ઓછું ન થાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

'પરંતુ વધારે દુઃખે તો સહન કેવી રીતે થાય ?'

'પણ ઊં... ઊં... કરવાથી દુઃખ મટવાનું નથી. બીજાને કે' કે' કરે એમાં બમણું થાય. પોતાને તો દુઃખ હોય અને સાંભળનારાને પણ દુઃખ થાય. માટે શાંતિથી સહન કરવું. બોલ બોલ કરવાથી દુઃખ ઓછું થાય નહીં, સામેથી વધે; અને હવે અવસ્થા થઈ એટલે આવું રહેવાનું જ. એમ સમજીને સુખિયા રહેવાનું. ભગવાનની ઇચ્છા સમજીને રાજી રહેવાનું. આપણે કાંઈ કરવા જઈએ તોય આપણાથી શું થાય ? ભગવાનની ઇચ્છાથી બધું થાય છે. આ સમજણ રાખીએ તો વાંધો આવે નહીં. નીકર તો *હર્ષ-શોકની નદીઓ મોટી, તેમાં જાય તણાણો...* જો હર્ષ-શોકમાં પડ્યો રહે તો મારા ભ'ઈ ! દરિયા ભેગો થઈ જાય.'

## ૧૪ ભરોસાપાત્ર

એ પત્ર ઉકેલવા સૌ મથી રહેલા, પરંતુ ન તો વિગત વાંચી શકાતી હતી કે ન તો લખનારાનાં નામ-ગામ.

સ્વામીશ્રીએ પણ એ પત્ર ઉકેલવા ખાસ્સી જહેમત ઉઠાવેલી પરંતુ કંઈ સમજાયું નહોતું. અંતે વિચક્ષણ સ્વામીશ્રીએ પોસ્ટ ઑફિસના સિક્કા પર લખાયેલું ગામ વંચાવ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે તે પત્ર ખેડબ્રહ્મા તરફના હીંગટિયા ગામમાંથી આવ્યો છે.

તેથી સ્વામીશ્રીએ તે વિસ્તારમાં વિચરણ કરતા સંતોને ફોન જોડાવ્યો. પણ ગામડે વિચરતા સંતોનો સંપર્ક થયો નહીં. પાંચ કલાક સુધી મથામણ કરવા છતાં સંપર્કસૂત્ર ન સ્થપાતાં અંતે હિંમતનગરમાં આવેલા મંદિરે સ્વામીશ્રીએ સંદેશો કહેવડાવ્યો કે 'સંતો આવે તો તરત ફોન કરાવજો.'

જ્યારે સંતોનો ફોન આવ્યો ત્યારે સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'તમારી તરફના હીંગટિયા ગામેથી પત્ર આવ્યો છે. પણ કોઈ જ વિગત વાંચી શકાતી નથી. તો તમે તપાસ કરી, એ લખનાર કોણ છે અને તેને શાની જરૂર છે તે અમને જણાવશો.'

સંતોએ તપાસ કરી તો ખ્યાલ આવ્યો કે એક સમયે માથાભારે ગણાતા અને વર્ષ પહેલાં જ સ્વામીશ્રીના દોઢ મિનિટના સહવાસમાત્રથી સર્વ દૂષણો અને કુપ્રવૃત્તિઓથી મુક્ત થયેલા આદિવાસી રેશ્મા પારઘીનો એ પત્ર છે. તેણે ગામના બગડી ગયેલા હેન્ડપંપની મરામત કરી આપવા માટે સ્વામીશ્રીને પત્રમાં લખી જણાવેલું.

સ્વામીશ્રીએ આ વિગત જાણી સંતોને કહ્યું : 'તમે જાતે જઈને હેન્ડપંપની તપાસ કરજો અને રિપેર કરાવજો. જરૂર

લાગે તો નવા પંપની વ્યવસ્થા કરી આપજો.'

એક આદિવાસીને સ્વામીશ્રી પર કેવો ભરોસો કે તેણે હેન્ડપંપ માટે સરકારી અધિકારીને વાત કરવાને બદલે સ્વામીશ્રીને જણાવવાનું મુનાસિબ માન્યું !

## ૧૫ एषा ब्राह्मी स्थितिः

ગાંધીનગરના અક્ષરધામ પર થયેલા એ હિચકારા હુમલાએ પ્રત્યેક ભારતીયનાં હૈયાંને હચમચાવી મૂકેલા ત્યારે...

સાંજના સમયે શરૂ થયેલી આ હિંસાની હોળી રાત્રિના અંધકારમાં કેવાં રૂપ-રંગ ધારણ કરશે તેનો ઉચાટ સર્વત્ર હતો ત્યારે...

જીવનભર કીડી જેવા જીવને પણ ન દૂભવનાર એક પરગજુ સંતના સ્થાનને મોતનો ઘાટ કરવા ઊતરી પડેલા, મોરબીની રેલહોનારત વખતે સેંકડો મુસ્લિમ બિરાદરોને ઈદની મીઠાઈ ખવડાવી તેઓનાં મોં મીઠાશથી ભરી દેનાર સંતના સ્થાનમાં, ઝનૂનનું ઝેર ઓકવા ઊતરી પડેલા એ લવરમૂછિયા આતંકવાદીઓના દમનનો દોર ક્યારે અટકશે તેની દહેશત અત્ર-તત્ર છવાયેલી હતી ત્યારે...

પૂરો દેશ અને દુનિયા આક્રોશથી દાંત કચકચાવી રહેલા ત્યારે...

સારંગપુરમાં બિરાજમાન સ્વામીશ્રીને સમાચાર

આપવામાં આવ્યા કે 'ગાંધીનગરના અક્ષરધામ પર આતંકવાદી હુમલો થયો છે.'

આ આઘાતજનક સમાચાર સ્વામીશ્રીને મળ્યા ત્યારે તેઓ કચ્છમાં સંસ્થા દ્વારા ચાલી રહેલા ભૂકંપ રાહતકાર્યની પ્રવૃત્તિ અંગે મીટિંગ કરી રહેલા. વિગત જાણતાં જ તેઓ વહેલી તકે અક્ષરધામની પરિસ્થિતિ થાળે પડી જાય અને કોઈ વિશેષ જાનહાનિ-માલહાનિ ન થાય તે માટે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા. પ્રાર્થના બાદ સ્વામીશ્રીએ, કાર્યવાહક સંતોને ઘટનાસ્થળે પહોંચીને જરૂરી કાર્યવાહી કરવા અંગે આદેશ આપ્યો.

થોડી વારમાં મુખ્યમંત્રીની કચેરીમાંથી ફોન આવ્યો. તેમાં આતંકવાદીઓ સામે ઝૂઝી રહેલા સૌની સફળતા-સુરક્ષા માટે આશીર્વાદ પાઠવ્યા.

...અને સ્વામીશ્રીએ પુનઃ મીટિંગોનો દોર ચાલુ રાખ્યો. તેમાં તેઓએ સુરત ખાતે સંસ્થા દ્વારા નિર્માણાધીન હૉસ્પિટલ, છાત્રાલય અને મંદિરના બાંધકામ માટે વિમર્શ કર્યો. તે વખતે સૌને 'स्थितप्रज्ञस्य का भाषा ?' – સ્થિતપ્રજ્ઞ પુરુષ કેવો હોય ? એ ગીતા-પ્રશ્નનો જવાબ સ્વામીશ્રીમાં જડી આવ્યો.

## ૧૬ એ મીઠું નહોતું પણ...

એ અરસામાં પ્રમુખસ્વામી મહારાજ ભોજન બાદ મીઠાના પાણીના કોગળા કરતા. રોજના આ ક્રમ મુજબ એક

વાર સેવકે સ્વામીશ્રીને પાણી આપ્યું. તેના કોગળા કરતી વખતે તેઓએ બે વખત સેવકને પૂછ્યું : 'આ મીઠું છે ?'

'હા, આજે બોટલમાં નવું જ ભર્યું છે.'

સેવકનો ઉત્તર સાંભળી સ્વામીશ્રીએ આગળ કશું ન પૂછ્યું. બધા જ પાણીના કોગળા કરી લીધા.

પરંતુ સ્વામીશ્રીએ બે વાર આમ પૂછેલું એટલે સેવકને તપાસ કરવાની ઇચ્છા થઈ. તેઓએ રસોડામાં જઈને તરત જ બોટલમાંથી ચાખી જોયું તો ખબર પડી કે એ મીઠું નહોતું પણ લીંબુનાં ફૂલ હતાં ! સાયટ્રિક એસિડ હતો !!

...પણ આ બાબતે સ્વામીશ્રી કંઈ જ બોલ્યા નહોતા. એટલું જ નહીં, એ પ્રસંગને ફરી કદી સંભાર્યો પણ નહોતો.

## ૧૭ સવારે ખબર પડી કે...

એ દિવસે ઠંડી હાડ ધ્રુજાવનારી હતી. તેમાંય જગદીશને તાવ ચઢેલો. તેના મિત્ર રાજેન્દ્ર રજાઈ શોધવા આમતેમ ફરી રહેલા, પણ રાત્રિના બાર વાગ્યાનો અંધકાર, નવો ઉતારો અને સૂમસામ વાતાવરણના ત્રિભેટે અટવાતા તેઓને રજાઈનો મેળ પડતો નહોતો. તાવથી કણસતાં જગદીશની દયનીય દશા તેઓની મૂંઝવણ વધારી રહેલી.

એટલામાં તો સ્વામીશ્રી સ્વયં એક માળ ચઢી ઉપર યુવકોના ઉતારામાં આવી પહોંચ્યા. તેઓના હાથમાં એક રજાઈ હતી. તે આપતાં તેઓએ કહ્યું : 'લ્યો, ઓઢાડી દો

એને.'

'સ્વામીશ્રી અમારી મૂંઝવણ કેવી રીતે કળી ગયા?' એમ હજી તો રાજેન્દ્ર વિચારે તે પહેલાં જ સ્વામીશ્રી ત્યાંથી ચાલી નીકળ્યા. પણ યુવકોને સવારે ખબર પડી કે સ્વામીશ્રી પોતાની રજાઈ જગદીશને ઓઢાડવા આપી ગયેલા અને પોતે આખી રાત કડકડતી ઠંડીમાં કેવળ ગાતરિયું ઓઢીને સૂઈ રહેલા.

## ૧૮ આ તેઓની ભાવના

કુલ ૧૮ લાખ લોકોને ગરમ ભોજન...

કુલ ૪,૧૯૦ ઘરો સહિત ૧૫ દત્તક ગામોનું નિર્માણ અને પુનર્વસન...

કુલ ૧૫,૦૦૦ વિદ્યાર્થીઓના લાભાર્થે ૪૯ શાળાઓનું નવનિર્માણ...

કુલ ૯૧,૦૦૦ દર્દીઓની નિઃશુલ્ક આરોગ્યસેવા...

કુલ ૪૦૯ ગામો-શહેરોમાં રાહતસામગ્રીનું વિતરણ અને

૨,૫૦૦ લોકોને રોજગાર...

આ ઝલક છે કચ્છમાં માત્ર અઢી વર્ષ દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજ દ્વારા થયેલાં ભૂકંપ રાહતકાર્યની...

આ રાહતકાર્ય દરમ્યાન ૮,૭૮,૨૯૯ ફૂડપેકેટ્સનું વિતરણ કરવામાં આવેલું. આ ફૂડપેકટ્સ તૈયાર થઈ રહેલાં

ત્યારે પ્રમુખસ્વામી મહારાજ તેની કાર્યવાહી જોવા પધારેલા. દરેક પેકેટમાં ૧૫૦ ગ્રામ ગાંઠિયા અને ૭૫ ગ્રામ બુંદી મૂકવામાં આવતી હતી. તે જોઈ સ્વામીશ્રીએ સૂચન કર્યું : 'આમાં બે આથેલાં મરચાં પણ મૂકજો. ખાવામાં સારું લાગે.'

પીડિતના પેટનો ખાડો પુરાય એટલું જ નહીં, પરંતુ તેને સ્વાદ પણ આવવો જોઈએ – આ તેઓની ભાવના.

આ રાહતકાર્યમાં ૨,૪૮,૭૧૨ કિ.ગ્રા. ઘઉંનો લોટ ભોજન માટે વપરાયો હતો. તેની તૈયારીમાં રોકાયેલા સંતને સ્વામીશ્રીએ સૂચના આપેલી કે 'અનાજ દળાય છે તે બરાબર સાફ કરીને જ દળાય તેની બરાબર કાળજી રાખજો. કાંઈ કચરું-કાંકરું રહી ન જાય.'

અસરગ્રસ્તોને સ્વાદ આવે એટલું જ નહીં, પરંતુ તેનું સ્વાસ્થ્ય પણ જળવાવું જોઈએ – આ તેઓની ભાવના.

## ૧૯ ...એવો અમારો આશય નહોતો

સન ૧૯૮૭માં પ્રમુખસ્વામી મહારાજ ૪૫૦ સંતો-ભક્તોના સંઘ સાથે ભગવાન સ્વામિનારાયણના પ્રાસાદિક તીર્થસ્થાનોની યાત્રાએ નીકળ્યા હતા. બે મહિના પૂર્વેથી આ યાત્રાનું આયોજન ગોઠવાઈ ગયેલું.

આ સંદર્ભમાં થોડા સમય બાદ લંડનના રોમફર્ડ વિસ્તારમાં રહેતી એક વ્યક્તિનો પત્ર આવ્યો. તેમણે આક્રોશ ઠાલવતાં લખેલું: 'તમારે આટલા કાફલા સાથે યાત્રાએ

ન નીકળવું જોઈએ. તમારી તારીખે-તારીખ અમારી યાત્રા ચાલતી હતી અને તમારે લીધે અમને બધી જ જગ્યાએ ઉતારામાં અગવડ પડી. અમારા કુટુંબને તમે દુઃખી-દુઃખી કરી નાંખ્યું.'

ભૂલ કોની હતી? બે મહિના પહેલાં આયોજન કરીને ગયેલા સ્વામીશ્રીની કે વગર આયોજને ફરવા ઊતરી પડેલી એ વ્યક્તિની?

તેમ છતાં પ્રમુખસ્વામી મહારાજે તેઓને પ્રત્યુત્તરમાં લખી જણાવ્યું કે 'તમને તકલીફ પડી એ બદલ માફ કરશો. ત્યાં તમે અમને વાત કરી હોત તો અમે તમને મદદરૂપ થાત. સગવડ કરાવી દેત. તમને તકલીફ પડે એવો અમારો આશય નહોતો.'

## ૨૦ ક્ષણેક્ષણને નિચોવીને...

એક વાર દાંતનો ઍક્સ-રે પડાવવા સ્વામીશ્રી દવાખાને પધારેલા. અહીં પૂર્વતૈયારીઓ થઈ રહેલી એટલે પ્રતીક્ષાખંડમાં બિરાજીને તેઓએ પત્રો વાંચવા શરૂ કર્યા.

સમય થતાં ડોક્ટરે બોલાવ્યા, પરંતુ સ્વામીશ્રી પત્ર વાંચવામાં મશગૂલ હતા. તેથી પત્રને બે હાથ વડે પકડી રાખી, વાંચતાં-વાંચતાં જ ઊભા થયા. વાંચતાં-વાંચતાં જ ઠેઠ મશીન સુધી પહોંચ્યા. દાંતનો ઍક્સ-રે લેવાઈ ગયો ત્યાં સુધી વાંચન બંધ રાખ્યું. ઍક્સ-રે લેવાઈ ગયો કે તરત

પત્રવાંચન શરૂ કરી દીધું. બીજા પાંચ ઍક્સ-રે લેવાના હતા, પરંતુ તેના વચગાળામાં પણ તેઓ પત્રો વાંચતા રહેલા.

ક્ષણેક્ષણને નિચોવીને કામ કરવાની તેઓની આ પ્રકૃતિ લીંબડીની નગરપાલિકા દ્વારા આયોજિત સન્માન સમારંભમાં પણ જોવા મળેલી. એ સમારંભમાં નગરપતિ સન્માનપત્ર અર્પણ કરવા છેક સ્વામીશ્રીની સમીપે પહોંચ્યા ત્યાં સુધી સ્વામીશ્રી પત્રો વાંચતાં રહેલા. સન્માનપત્ર આપ્યું તે સ્વીકારીને તરત જ પુનઃ પત્રો વાંચવા મંડી પડેલા.

## ૨૧ બધે જ સેટ (set)

બોચાસણમાં સ્વામીશ્રીના રોકાણનો એ છેલ્લો દિવસ હતો. સૌ સંતો સ્વામીશ્રીને વીંટળાઈને હળવી ગોષ્ઠિ કરી રહેલા. તેમાં એક સંતે હળવાશમાં જ સ્વામીશ્રીને પૂછ્યું : ‘આપ અહીં આટલું રહ્યા. અહીં સેટ થઈ ગયું હોય, પછી બીજે જવાનું મન થાય ?’

‘કેમ ન થાય ? બધે સેટ થયેલા જ છીએ ને ! થવાનું ક્યાં રહ્યું ? જ્યાં જઈએ ત્યાં બધે કથાવાર્તા-ભજન કરવાનાં છે. કથાવાર્તામાં સેટ થયા એટલે સેટ. અમુક જ સ્થાન કે અમુક જ જગ્યા ફાવે એવી વાત જ નહીં. કથાવાર્તા-સેવા થાય એટલું જ સુખ. એ જ સેટ થયા. સમજ્યા ?’

## ૨૨ કાયમ આનંદ ને આનંદ

એક વાર ખ્યાતનામ સાહિત્યકાર-પત્રકાર શ્રી હરકિશન મહેતાએ સ્વામીશ્રીને પૂછેલું : ‘એવી કોઈ ઘટના છે જે યાદ આવતાં દુઃખ થાય ?’

‘ના, એવો કોઈ પ્રસંગ જ નથી. કાયમ આનંદ ને આનંદ જ રહ્યા કરે છે.’ સ્વામીશ્રીએ જણાવેલું.

‘ક્યારેક કોઈ ઉપર રોષ થાય એવી ઘટના ?’

‘ખાસ રોષનું કોઈ કારણ નથી. દરેક માણસ ભૂલને પાત્ર છે.’

‘ક્યારેક કોઈને ઠપકો આપવાનો પ્રસંગ ?’

‘ના, કહેવાનું થાય તે હેત-પ્રીતથી કહીએ છીએ, જેથી એને સાચી પ્રેરણા મળે. એને દુઃખ ન થાય એવી રીતે કહીએ, જેથી એનું મન પાછું ન પડે.’

‘કોઈ આપની નિંદા કરે ત્યારે ?’

‘એની તો બહુ પડી જ નથી. આપણે ભગવાનની દૃષ્ટિએ સાચા હોઈએ પછી લોકો ભલે ને ગમે એ બોલે. એને અજ્ઞાન છે તો ક્યારેક સમજાશે.’

‘ટીકાની સ્પષ્ટતા કરવાની જરૂર લાગે છે ?’

‘સહેજ પણ નહીં.’

## ૨૩ હાર્ટ એટેક આવ્યાના બીજા જ દિવસે...

તા. ૪-૭-'૧૧ની રાત્રે પ્રમુખસ્વામી મહારાજ શયનાધીન થવા પલંગ પર બિરાજ્યા ત્યાં સુધી તો સ્વાસ્થ્યની કોઈ પ્રતિકૂળતા તેઓના શરીરમાં જણાતી નહોતી. કદાચ તેઓએ જણાવા દીધી નહોતી.

પરંતુ રોજિંદા ક્રમ મુજબ સૂવાના સમયે તેઓની નાડી તપાસવામાં આવી ત્યારે તબીબો ચોંકી ઊઠ્યા. નાડીની ચિંતાજનક અનિયમિતતા કંઈક ભયંકરતાની આગાહી કરી રહેલી. તપાસ કરતાં ખબર પડી કે પ્રમુખસ્વામી મહારાજને ૯૦મા વર્ષે બીજી વાર હૃદયરોગનો હુમલો આવ્યો છે. તાબડતોબ જરૂરી સારવાર શરૂ થઈ ગઈ. નિષ્ણાત તબીબો આવી પહોંચ્યા. સૌનો મત એક જ પડ્યો: 'આગામી ૭૨ કલાક નિર્ણાયક છે. માટે સ્વામીશ્રીને સંપૂર્ણ પથારીવશ જ રાખવા. થોડુંયે હલન-ચલન ખતરનાક સાબિત થઈ શકે એમ છે.'

...પરંતુ બીજા દિવસની સવાર પડતાં તો સ્વામીશ્રીએ જણાવ્યું: 'મંદિરમાં ઠાકોરજીનાં દર્શને જવું છે.'

સૌ તબીબોએ સ્પષ્ટ અને દૃઢ અસંમતિ દર્શાવી. છતાં સ્વામીશ્રી દર્શન કરવા પધાર્યા જ. લેશ પણ વ્યગ્રતા કે ઉતાવળ સિવાય, રોજની જેમ જ નીરખી-નીરખીને તેઓએ મૂર્તિઓનાં દર્શન કર્યાં. બીજા દિવસે તો ધોધમાર વરસાદ વરસતો હતો, છતાં તેઓ આ જ રીતે દર્શન કરવા ગયેલા.

ત્રીજા દિવસે પણ આ જ ક્રમ જારી રહેલો.

સૌને સમજાયું કે સ્વામીશ્રીનું હૃદય ઘવાયું છે, હૃદયમાં રહેલી ભક્તિ નહીં.

## ૨૪ એવી વાત ન લખવી

એક આંતરરાષ્ટ્રીય બેઠક માટે અમેરિકા જતાં પૂર્વે જાણીતા પત્રકાર શ્રી અજય ઉમટ જ્યારે સ્વામીશ્રી પાસે આશીર્વાદ લેવા આવ્યા ત્યારે તેઓએ સ્વાનુભવ વર્ણવેલો કે ''દિલ્હીના અક્ષરધામના ઉદ્‌ઘાટન વખતે એક રાજદ્વારીએ જણાવેલું: 'કોઈ મને કહે કે મારી પાસે ભારતમાં એક દિવસ છે, તો હું એને કહું કે પહેલા અક્ષરધામ જોજો અને બે દિવસ હોય તો પછી તાજમહેલ જોવા જજો.'

આ વાક્યના સંદર્ભમાં મેં એક લેખમાં એમ લખ્યું હતું કે 'તાજને પણ ટક્કર મારે એવું અક્ષરધામ છે !'

ત્યારે એ વાંચીને આપે મને ટકોર કરેલી કે 'તાજમહેલને ટક્કર મારે એવી વાત ન લખવી. આપણે તો બધા માણસોનાં કલ્યાણ માટે કર્યું છે. કોઈને નીચા પાડવા નહીં. આ તો આપણી ભક્તિ છે અને શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજનો સંકલ્પ હતો એટલે કર્યું છે. આમાં કોઈની હરીફાઈ માટે કર્યું નથી.' આપની આ ભાવના મને ખૂબ સ્પર્શી ગઈ હતી.

વળી, આજે આપ સૌને મળતા હતા તે વખતે એક

મુમુક્ષુને વ્યસન મુકાવવા માટે જે રસથી આપ વાત કરી રહ્યા હતા એ જોઈને મને થયું કે જેટલું અગત્યનું આપને અક્ષરધામ છે, એટલું જ અગત્યનું આ વ્યસન મુકાવવાનું પણ છે. નાની બાબતમાં પણ આટલો રસ લઈને આપ વ્યસન મુકાવી શકો છો એ હું કલ્પી શકતો નથી.''

## ૨૫ ...આજે અમે શીખ્યા !

ગુજરાતના નવનિયુક્ત છ પ્રધાનો પોતાની કાર્યવાહીના આરંભ પૂર્વે અમદાવાદમાં સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવ્યા હતા. સ્વામીશ્રીએ તે સૌનો જાહેર સભામાં સત્કાર કરી સ્મૃતિભેટથી બિરદાવ્યા. તેઓના સચિવો, રક્ષકો અને ડ્રાઈવરોને પણ પ્રસાદી આપી.

આ સૌ પ્રધાનોનો ભોજન સમારંભ પણ મંદિરમાં જ હતો. પરંતુ પંચાયત-મંત્રી શ્રી મોહનસિંહ રાઠવાને ઉતાવળ હોવાથી તેઓ જવા માટે તૈયાર થયા. પણ ડ્રાઈવર ન મળે. અંતે તપાસ કરતાં ખબર પડી કે સૌ મંત્રીઓની સાથે સ્વામીશ્રીએ ડ્રાઈવરો અને રક્ષકોને પણ જમવા બેસાડ્યા છે !

ત્યારે તે મંત્રી બોલી ઊઠેલા: 'નાનામાં નાના માણસને પણ પહેલા આદર આપવો એ સ્વામીશ્રી પાસેથી આજે અમે શીખ્યા.'

# ૨૬ ...ખાસ આપને મળવું હતું

તા. ૩-૩-૨૦૦૧ના રોજ મોડાસા મુકામે સ્વામીશ્રીના સાંનિધ્યમાં જાહેર સત્સંગસભા યોજાયેલી. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ ગામોમાં રહેતા આદિવાસી ભક્તો પણ સ્વામીશ્રીનો લાભ લેવા દોડી આવેલા. તે જોઈ સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતને કહ્યું: 'આદિવાસી ભાઈઓની અલગ સભા આપણા ઉતારાની સામે પૂજાસ્થળે કરાવો. ત્યાં એક સંતને કથા કરવા મોકલો. આ સભા પછી હું ત્યાં આવું છું અને એવી વ્યવસ્થા કરજો કે એમના સિવાય કોઈ ત્યાં સભામાં બેસે નહીં.'

આમ કહી, શ્રેષ્ઠીઓની જાહેર સત્સંગસભા પૂરી કરી સ્વામીશ્રી આદિવાસીઓની સભામાં પધારેલા. ત્યાં નીતિ-નિયમ વિષયક બળપ્રેરક આશીર્વાદના અંતે તેઓ બોલેલા: 'મારે ખાસ આપને મળવું હતું એટલે આ સભા ગોઠવી હતી. મોટી (જાહેર) સભામાં તમને મળાય તેમ ન હતું. અહીં આપને નજીકથી મળાય, વાત થાય. કારણ, હું તમારા ગામ સુધી આવી શકું તેમ નથી, પણ તમે આવ્યા છો તો સહેજે મળી શકાય એવી મારી ભાવના હતી.'

સ્વામીશ્રીના આ ભાવવાહી શબ્દોને આદિવાસીઓની આંખો આંસુનાં તોરણ બાંધી વધાવી રહી.

એટલામાં તો સ્વામીશ્રી બોલ્યા: 'હવે બધા વારાફરતી દર્શને આવો.' એટલું કહી સ્થાનિક સંતને કહ્યું: 'બધાનો

પરિચય આપતા જજો.'

...અને એક પછી એક બસો આદિવાસીઓને વ્યક્તિગત મળી સ્વામીશ્રીએ તેઓનો પરિચય પૂછ્યો. સૌને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. પ્રસાદ પણ અપાવ્યો.

## ૨૭ નાના રહેવામાં શું વાંધો ?

એક વાર અમદાવાદમાં સંતો સાથેની સંગોષ્ઠિમાં પોતાની જીવન-ભાવના રેલાવતાં સ્વામીશ્રીએ જણાવેલું કે ''આપણે કોઈ વાતની મહત્તા જોઈતી જ નથી. જે કરીએ છીએ એ કરીએ જ છીએ. જે નથી કરતા એ બતાડીને શું કરવાનું છે? એના કરતાં તો માળા કરીને બેસી ન રહીએ? ભજન કરીએ. બાકી ખોટો દેખાવ કરવાનો અર્થ શું? આપણે વધારે પડતી મહત્તા જોઈતી નથી ને લેવી પણ નથી. યોગીજી મહારાજ કહેતા: *'નાને સે હો નાના રહીએ...'* આપણે તો એવો દાવો કરવાની પણ જરૂર નહીં કે 'પ્રમુખસ્વામી મહારાજ જ અક્ષરધામ કરી શકે. બાકી કોઈની તાકાત નથી.' આપણે નાના રહેવામાં શું વાંધો છે? બીજી સંસ્થાઓમાં આપણે દાન કરીએ એની જાહેરાત કરવાની પણ જરૂર નહીં. આપણે તો ભગવાન ભજવા આવ્યા છીએ. એ સુખ જ લેવા જેવું છે.''

## ૨૮ પઈએ પઈનો ચોખ્ખો હિસાબ

સુનામીની કુદરતી આફતના અસરગ્રસ્તો માટે એક સત્સંગ કેન્દ્રમાં કેટલુંક આર્થિક અનુદાન આવેલું. તે સત્સંગ મંડળના સીમિત આર્થિક સ્રોતને જોતાં ગામના કેટલાક આગેવાનોએ સત્સંગીઓને સલાહ આપી કે 'સુનામીનું આ દાન તમારા મંદિરના બાંધકામમાં વાપરી નાંખો.'

જ્યારે હરિભકતોએ આ બાબતે સ્વામીશ્રીને પૂછ્યું ત્યારે સ્વામીશ્રીનો જવાબ પારદર્શક હતો કે 'સુનામીના આવેલા પૈસા સંસ્થામાં વપરાય જ નહીં. જે પૈસા જે નિમિત્તે આવ્યા હોય એ સેવા ત્યાં જ જવી જોઈએ. પઈએ પઈનો હિસાબ ચોખ્ખો રાખવો જોઈએ. સરકારને પણ એવો જ હિસાબ આપણે આપવાનો હોય! ભલે પછી પાંચ રૂપિયા આવ્યા હોય, પણ એ સમાજસેવામાં જ જવા જોઈએ.'

## ૨૯ ચાલુ ગાડીએ...

એ દિવસે ગાડીએ નડિયાદની ભાગોળ છોડી કે તરત જ સ્વામીશ્રી પત્રવાંચનમાં પરોવાયા. એક મોટો કાગળ હાથમાં લીધો. તેનાં પાનાં વધારે હતાં. તે પાનાં ખોલવા જતાં એમાં ભરાવેલી સેફ્ટી-પિન નીચે પડી ગઈ. એટલે સ્વામીશ્રીએ પાનાં બાજુ પર મૂકી અને નીચા વળીને ધોતિયામાં કે નીચે

પગ આગળ સંતાઈને પડેલી સેફ્ટી-પિન શોધવાનો પ્રયત્ન કર્યો.

તપાસ કરતાં જણાયું કે પિન બે પગની વચ્ચે પડી છે. તેને ઉપાડવા સ્વામીશ્રીએ યુક્તિ વાપરી. પત્રનું મોટું કવર હાથમાં લીધું. પછી બંને હાથે કવરને આડું પકડ્યું અને કચરો લેવા માટે જેમ ઍક્સ-રે ફિલ્મનો ઉપયોગ કરવામાં આવે છે એ રીતે થોડાક નીચા વળીને સેફ્ટી-પિનને કાગળ ઉપર સેરવી લીધી. તે પિનનો ફરી ઉપયોગ થઈ શકે તે માટે તેને કવરમાં મૂકી દીધી.

## 30 એવું જ નહીં તો બીજું શું?

ગાંધીનગરના અક્ષરધામની મુલાકાત દરમ્યાન, ત્યાં તૈયાર કરાયેલા કૃત્રિમ તળાવ પાસે સ્વામીશ્રી પધાર્યા ત્યારે બાગાયત વિભાગ સંભાળતા સંતે સ્વામીશ્રીને કહ્યું : 'આ તળાવમાં બતક પણ તરતાં મૂકવાનાં છીએ.'

'સાચા કે રમકડાનાં?' સ્વામીશ્રીએ રમૂજમાં પૂછ્યું.

'ના, ના. સાચાં બતક.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ સઘન પૂછપરછ આદરી કે 'ક્યાંથી લાવશો બતક? બતક લાવો તે પહેલાં એના ખોરાકનો વિચાર કરી લીધો છે ને? એને રહેવામાં ફાવે તેવા સારા પાંજરાની વ્યવસ્થા કરી છે? એની સાર-સંભાળનો પૂરતો વિચાર કરીને પછી જ બતક અહીં લાવવાં; નહીંતર

એને બિચારાને તકલીફ પડે.'

મહાભારતનો મોભ માથે ઊંચકવા છતાં શ્રીકૃષ્ણ ટીટોડીનાં ઈંડાંની દરકાર કરવાનું ચૂક્યા નહોતા. આ એવું જ નહીં તો બીજું શું?

## ૩૧ કંટાળો શેનો?

એક વાર એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું કે 'બાપા! આપને પત્રો લખવામાં કંટાળો આવે કે વાંચવામાં?'

'એકેયમાં નહીં. આ તો ઠાકોરજીની ભક્તિ છે. એમાં કંટાળો શેનો? લખવાનું મળે ત્યારે લખીએ અને વાંચવાનું મળે ત્યારે વાંચીએય ખરા! વેપારી આખો દિવસ કાપડના તાકા કાઢે છે, તોપણ તેને કંટાળો આવે છે? તેમ આપણને પણ ન આવે.'

'...પણ વેપારીને તો નફો થાય છે, રૂપિયા મળે છે, લાભ દેખાય છે, તેથી કંટાળો નથી આવતો. આમાં શું લાભ? શું મળે?'

'આમાં ભગવાનની મૂર્તિનું સુખ આવે ને!'

'આપ સરસ કામ કરો તેમાંય લોકો (આડું-અવળું) બોલે તો કંટાળો ન ચડે કે કંઈ કરવું જ નથી? મૂકો પડતું!'

'ભગવાનને રાજી કરવા છે, તેને કંટાળો ન હોય. આપણે જે કામ લીધું છે તે પોતાના માટે નથી, ભગવાન માટે છે – આવું સમજીએ તો કંટાળો ન ચઢે. નહીંતર

આઘું-પાછું થઈ જાય.'

## ૩૨ ...એટલે બોજો જણાતો નથી

એક વાર વિદ્યાનગરના છાત્રાલયમાં રહેતા યુવાનોએ સ્વામીશ્રી સાથે ગોઠડી માંડેલી. તેમાં સ્વામીશ્રીને પૂછેલું કે 'અમને જવાબદારી આવતાં જ મગજ પર ટેન્શન રહે છે. જ્યારે આપને ઘણી જ પ્રવૃત્તિઓ અને જવાબદારીઓ હોવા છતાં આપ હળવાફૂલ જણાઓ છો. આનું રહસ્ય શું છે?'

'રહસ્યમાં એટલું જ છે કે આપણે કાંઈ કરતા નથી. ભગવાન કરે છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કરે છે. 'હું કરું છું' એવું થાય તો ટેન્શન વધે. આપણે જવાબદારી ઉપાડતા નથી. આપણે તો એમનો આદેશ ઉપાડીએ છીએ. આદેશ ઉપાડીએ એટલે રક્ષા એ કરે છે. પરિણામ સારું આવે કે બીજી રીતનું આવે, તોય બધું ભગવાન કરે છે. આ એક જ વસ્તુ સમજાય એટલે બોજો જણાતો નથી. જે એમની ઇચ્છાથી આવે એ ભોગવી લેવું.'

યુવાનોએ આગળ પૂછ્યું કે 'અમારું સન્માન થાય ત્યારે 'વાહ, હું કેવો છું!' એમ થઈ જાય છે. જ્યારે આપને સન્માન વખતે શું વિચાર આવે છે?'

'આપણે તો શેક્યો પાપડ ભાંગી શકીએ એમ નથી. સન્માન તો ભગવાનનું છે. એમની આજ્ઞા પાળીને રાજી કર્યા છે એટલે સન્માન એમને લઈને જ છે. આપણને એમના

માનીને લોકો બોલાવે છે. બાકી આપણને કોણ બોલાવે એમ છે? માટે શ્રીજીમહારાજની આજ્ઞા કેમ પળાય અને લોકોને કેમ રાજી કરી શકીએ, એ ભાવના રાખીને સદા સેવક બનીને કામ કરવાનું છે.'

સ્વામીશ્રીએ પોતાના વિચાર જણાવી દીધા.

## 33 મૅનેજમૅન્ટ-ગીતા

ઘર-પરિવારથી લઈને દેશ સુધીના કોઈપણ એકમ(unit)નું સફળ સંચાલન કરવા માટે પ્રમુખસ્વામી મહારાજે એક સંચાલકને નિમિત્ત બનાવીને જે કહેલું તે મૅનેજમૅન્ટ-ગીતાનો દરજ્જો પામે તેમ છે. આ રહ્યા તેના શબ્દો :

'તમે કામ સારું કરો છો અને કર્યું છે. તમારા વિરોધીઓ પણ એ જાણે છે. પણ સ્વભાવને લીધે ભેદભાવ થતો રહે છે એટલે વિરોધ થાય. અને એક વખત વિરોધ થાય પછી સાચું-ખોટું જોવાનું હોય નહીં. એટલે હંમેશા બધાની સલાહ લઈને આગળ વધવું. બધી જગ્યાએ મળતું રાખવું. બધાને સારી રીતે બોલાવવા-ચલાવવા. એ રીતે કરશો તો કામ આગળ ચાલશે. વિરોધ થવાનું કારણ આપણા સ્વભાવ અને પ્રકૃતિ છે. આપણું બોલવામાં જરા એવું હોય એટલે લોકોનો અહં ઘવાય. આપણે ધીરે રહીને વાત કરવી. કામ કદાચ ન કરવું હોય તોય સામાવાળાની વાત બે વખત સાંભળવી.

એને સંતોષ થાય. કારણ કે જેની સાથે કામ લઈએ છીએ એ બધાના સ્વભાવ જુદા જુદા હોય. બધા આપણી રુચિ પ્રમાણે ચાલે એવી અપેક્ષા ન રખાય. માટે આપણે જ નમ્રતા રાખીને કામ કરીએ તો બધાનું મન જીતી શકાય. 'બાપની વહુ' કહીએ અને 'મા' કહીએ એમાં કેટલો ફરક છે? એમ વાણીમાં પણ વિવેક શીખવો.

કોઈ ફરિયાદ લઈને આવે તો ના પાડવા કરતાં એમ કહેવું કે 'સારું. જોઈશું, વિચારશું.' બોલવામાં સંયમ આવી જાય તો અડધું કામ થઈ જાય. બોલવા-ચાલવાથી બગડતું હોય તો વાણી સુધારવી. જે લોકો વિરોધ કરે છે એ બધાનો વિરોધ ભૂલી જઈને તમે એમની સાથે પણ સારો વર્તાવ રાખશો અને સલાહ લેશો તો એના એ જ લોકો તમને સપોર્ટ કરતા થઈ જશે. માટે કોઈએ કાંઈ પણ કર્યું હોય પણ કોઈની સાથે આંટી રાખવી જ નહીં. આંટી રાખવાથી કામ થતાં નથી. અને બોલવામાં શાંતિ રાખવી. મીટિંગ વખતે ૫૦% બીજાને બોલવા દો તો બીજા તમારું સાંભળશે. એટલે વ્યવહાર એવો કરો કે વિવાદ ન થાય. બાંધછોડ કરીને પણ કામ કરવું. કોઈની સલાહ લેવામાં આપણે નાના નથી થઈ જતા. ઊલટી આપણી મોટપ વધશે. માટે આ વસ્તુ ધ્યાનમાં રાખવી.'

## ૩૪ તમને પૂછવું તો પડે ને !

યોગીજી મહારાજના ધામગમનના બીજા દિવસે

પ્રમુખસ્વામી મહારાજે ગોંડલ મંદિરની ખેતીવાડી સંભાળતા સંતને પૂછેલું : 'જ્યાં આપણે ઘઉં વાવ્યા છે તે સ્થળ મોટેરા સંતો અને ટ્રસ્ટીઓએ યોગીજી મહારાજના અગ્નિસંસ્કાર માટે પસંદ કર્યું છે. તો તમારો શો અભિપ્રાય છે ?'

'સ્વામી ! આપ સંસ્થાના ધણી છો. હું તો આપનો સામાન્ય સેવક છું. આપે નક્કી કર્યું હોય એ બરાબર જ હોય. આપે મને પૂછવાનું પણ ન હોય.' તે સંતે કહ્યું.

'તમે ઘઉં વાવ્યા છે. મહેનત કરી છે. તેથી તમને પૂછવું તો પડે ને !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ સરળતા અને નમ્રતાએ એ સંતનું હૈયું વલોવી નાંખ્યું.

સ્વામીશ્રીએ તેઓને કહ્યું: 'હાલ રસ્તા તરફના ભાગમાંથી અડધા ઘઉં વઢાવજો. ટાંકી બાજુ અડધા (ખેતરના) ઘઉં ભલે ઊભા. તેની જરૂર પડશે તો વઢાવી નાંખીશું.'

વળી, પૂછ્યું: 'આ ઘઉં લીલા છે તે ઢોરને ખાવા કામ લાગે ?'

'બે-ત્રણ દિવસ સુધી ખાય, પણ વધારે ન ખાય.'

'તો જેમ જેમ ઘઉં વઢાતા જાય તેમ તેમ ટ્રેક્ટર ભરી દેવા. ગોંડળની પાંજરાપોળ અને શહેરમાં પણ ધણિયાતી - ન ધણિયાતી ગાયો હોય ત્યાં શેરીએ શેરીએ થોડું આપી આવવું, જેથી ઘઉં લેખે લાગે. ગાયોને એક દિવસનો લીલો ચારો મળી જાય.'

જીવનપ્રાણ ગુરુહરિની વસમી વિદાયના બીજા જ

દિવસે સ્વામીશ્રી જે સ્થિરતાથી નાનામાં નાના નિર્ણયો લઈ કાર્યો ઉકેલી રહેલા તે જોઈ એ સંત તો ચકિત જ રહી ગયા.

## ૩૫ દરરોજ વાત

તા. ૩-૧૦-૧૯૮૦ના રોજ બોસ્ટનમાં એક બાળકે સ્વામીશ્રીને પૂછેલું કે 'સ્વામી ! તમે ભગવાન સાથે કોઈ દિવસ વાત કરી છે ?'

'હા, દરરોજ વાત થાય છે.' સ્વામીશ્રી બોલેલા.

## ૩૬ ...એ રીતે

એક વાર મુંબઈમાં એક યુવાને સ્વામીશ્રીને પૂછ્યું કે 'સ્વામી ! ભગવાન તમારી સાથે કઈ રીતે બોલે છે ?'

'તું મારી જોડે વાત કરે છે એ રીતે.' સ્વામીશ્રીએ જણાવેલું.

## ૩૭ નિષ્પાપ અને હિતકારી

તા. ૨૭-૬-૧૯૯૪ના રોજ ઓર્લાન્ડોમાં ત્રણ અમેરિકન નાગરિકો સ્વામીશ્રીને મળવા આવેલા. તેમાં એકે પૂછેલું : 'આપને મનમાં ક્યારેય ખોટો વિચાર આવેલો છે ?'

'ભગવાનના વિચાર આવે છે. સૌનું સારું થાય તે જ વિચાર આવે છે.' સ્વામીશ્રીએ જણાવેલું.

'આપે પાપ કર્યું છે ?'

'પાપ કરવાનું જ ક્યાંથી? જન્મ્યા ત્યારથી સત્સંગ છે !'

## ૩૮ ...પછી શું ખબર પડે?

ભાવનગરમાં સ્વામીશ્રી પત્રવાંચન કરી રહેલા. તેઓની બરાબર ઉપર બલ્બ ઝગી રહેલો. કો'ક કારણસર તે હોલ્ડરમાંથી છટક્યો અને સ્વામીશ્રીની ગરદન પર પડીને નીચે સરકી ગયો. ગરમાગરમ બલ્બ શરીર ઉપર પડવા છતાં, જાણે કંઈ બન્યું જ નથી એ રીતે લેશ પણ વિચલિત થયા વિના સ્વામીશ્રી તો પત્ર વાંચતા જ રહ્યા.

પત્રવાંચન પૂરું થતાં જ સંતોએ આ બાબતે પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ સામે સવાલ કર્યો : 'બલ્બ ક્યારે પડ્યો ?'

આ સાંભળી કો'ક બોલ્યું : 'સ્થિતપ્રજ્ઞતા તો કે'વી પડે આપની !!'

'વૃત્તિ અખંડ ભગવાનમાં હોય પછી શું ખબર પડે ?' સ્વામીશ્રીએ ખુલાસો કરી આપ્યો.

## ૩૯ ...તમે ઓછું નહીં લાવતા

'અમારી શી ભૂલ થઈ હશે તે સમજાતું નથી. દીકરો

દિવસે દિવસે બદલાતો જ જાય છે. તેની માને મારે છે. મને પણ જેમ-તેમ બોલે છે. વાત- વાતમાં ગુસ્સો ને જરાજરામાં રિસાવાનું. એને સુધારવામાં, લાડ લડાવવામાં, ઇચ્છા પૂરી કરવામાં કાંઈ જ બાકી નથી રાખ્યું. છતાં આવું થાય છે ત્યારે જિંદગીથી નફરત છૂટે છે.'

પિતા-પુત્રના સંબંધની સળગતી સમસ્યાથી દાઝી રહેલા એક પિતાના આ આક્રંદથી વાતાવરણ કંપી ઊઠ્યું. ત્યારે તેઓ પર શીતળતા વરસાવતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે તમારી કોઈ ફરજ ચૂક્યા છો ?'

'ના, સ્વામીજી !'

'તમે તેને કોઈ વાતે દુઃખવ્યો છે ?'

'કોઈ દિવસ નહીં. સિવાય કે તેની માને મારે ત્યારે મેં ટોક્યો હશે.'

'જુઓ, તમે તમારી સંપૂર્ણ ફરજ બજાવી છે. કોઈ વાતે દુઃખવ્યો નથી. છતાં મારે, અપમાન કરે, જેમ-તેમ વર્તે તેમાં તમારો શું દોષ ? આ તો કર્મસંબંધ છે. તે લેણું લઈને આવ્યો છે. તે પૂરું થાય ને એકદમ દબાઈ જાય તેમ પણ બને. તમે આમાં ગુનેગાર નથી. તમે ઓછું નહીં લાવતા કે મારી ભૂલથી તે આવો થયો છે. પ્રાર્થના કરવી. ભગવાન આપના પક્ષે છે. માટે શાંતિ રાખજો. લોકો બોલે તે સાંભળવું નહીં. બધું સારું થશે.'

સ્વામીશ્રીના આટલા શબ્દોથી એ પિતાના જીવનમાં આક્રંદનું સ્થાન આનંદે લઈ લીધું.

## ૪૦ એક જ મિનિટમાં સમાધાન !

'અમારું સમાધાન કરાવો. ભાઈઓ વચ્ચે અમારે ભાગ વહેંચવાની બાબતમાં પ્રશ્નો છે.' આમ કહેતાં સ્વામીશ્રી સમક્ષ એક કુટુંબ દ્વારા ધા નાંખવામાં આવી, ત્યારે સ્વામીશ્રી પણ ભરપૂર આત્મવિશ્વાસ સાથે બોલ્યા : 'એક જ મિનિટમાં સમાધાન થઈ જાય.'

આ સાંભળી આવનારા તો ખુશ થઈ ગયા. તેઓએ કહ્યું : 'ઓહોહો... તો તો બહુ જ સારું.'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'મનધાર્યું મૂકી દો તો એક મિનિટમાં સમાધાન ! પણ કોઈ મનનું ધાર્યું મૂકતા નથી. કહે એમ કરી દેવું જોઈએ. ફટ દઈને મૂકી દેવું જોઈએ. તમારા બાપા આટલું બધું કમાણા પણ કશું લઈ ગયા? તો તમે શું લઈ જવાના છો ? તમે કંઈ ભૂખ્યા નથી. ઘણું બધું કમાયા છો. તો કહી દેવું કે 'ભ'ઈ ! તું લઈ જા.' પણ એવું થતું નથી. એને લીધે વાત અટકી પડે છે.'

## ૪૧ પ્રત્યેક પિતા અને પતિ માટે

અમેરિકાના યુટાહ રાજ્યના ઉદ્યોગપતિ શ્રી ડેનિયલ કુકે સ્વામીશ્રીને પૂછ્યું : 'હું આદર્શ પિતા અને આદર્શ પતિ કઈ રીતે બની શકું ?'

ત્યારે સ્વામીશ્રીએ કહેલું : 'નિયમો પાળવા પડે અને ઘરમાં સંપ રહે, પત્ની અને તમારા વચ્ચે પ્રેમ રહે એ માટે બાંધછોડ કરતાં શીખવું પડે. બાળકો અને પત્નીને સમય આપવો. રોજ પત્ની અને બાળકો સાથે બેસીને ઘરસભા કરવી. ટી.વી. બહુ જોતા હો તો ઓછું કરીને પરિવાર સાથે હળવું-મળવું અને સારા ગ્રંથોનું વાંચન કરવું.'

## ૪૨ એટલું તો સમજવું કે...

એક હરિભક્ત પોતાના પુત્રના પુનર્લગ્નનો પ્રસ્તાવ લઈને સ્વામીશ્રી પાસે આવ્યા. તે સમયે સ્વામીશ્રીએ પુત્રવધૂ સાથેનાં વર્તન-વર્તણૂક કેવાં રાખવાં તેની અદ્‌ભુત ટીપ આપતાં તેઓને કહેલું: 'તમે છોકરી લાવો તેનો વાંધો નહીં, પણ એટલું તો સમજવું કે નવી આવેલી છોકરીને કેવી રીતે સેટ કરવી. તમારા ઘેરથી, તમારી બે દીકરીઓ એ બધાયના સ્વભાવ હોય, ને નવી છોકરી આવે ત્યારે પોતાની દીકરી માનીને સંપથી કામ ચલાવવું જોઈએ. એને ન આવડે તો શીખવવું જોઈએ. તમે જૂના સ્વભાવ પ્રમાણે ચાલો ને જે નવી દીકરી આવી હોય તે નવા જમાનાની હોય. પછી કેવી રીતે મેળ પડે? માટે પહેલાં સ્વભાવ મેચ(match) કરવાની જરૂર છે. થોડું લેટ-ગો (let go - જતું) કરવું પડે. એને પ્રેમથી કહો તો એનેય ઉત્સાહ રહે. આ તો લાગણી જેવું જ દેખાડે નહીં. પછી એને ઊભું રહેવાનું મન ક્યાંથી

થાય? એને આશ્વાસન-હૂંફ જેવું તો જોઈએ ને! પછી વર્ષો જાય એમ એકબીજાના સ્વભાવથી સેટ થઈ જાય.'

## ૪૩ ...આટલું મારું માન

'હું એક છોકરીના પ્રેમમાં છું, પરંતુ એનાં મા-બાપના દબાણને લીધે તેના વિવાહ બીજે થઈ ચૂક્યા છે. હું તે છોકરીને બીજે જતાં જોઈ નહીં શકું. મારે એની સાથે જ લગ્ન કરવાં છે. જો તે નહીં બને તો હું આત્મહત્યા કરી દઈશ. હું એના રસ્તામાં નહીં આવું પણ મરી જઈશ. એના માટે એક નહીં, પણ સો જન્મ ધરવા હું તૈયાર છું. આપ આશીર્વાદ આપો. મારા પર આટલી દયા કરો.'

યુવાનીના સહજ આવેગનો શિકાર બની બેઠેલો એ યુવાન આમ કાકલૂદી કરતો સ્વામીશ્રી આગળ આવીને ઊભો રહી ગયેલો.

તેની બાલિશતા જોઈ સ્વામીશ્રી બે ઘડી તો મૌન રહ્યા. પછી ધીરેથી વાત કરતાં કહ્યું : 'ભગવાનની ઇચ્છાથી આમ થયું હશે – એમ સમજીને ચાલવું એમાં તારું હિત છે.'

પણ આ વાત તેની સમજશક્તિની બહાર હતી. તેણે ગાણું ગાયું : 'મને બહુ જ નૅગેટિવ વિચારો આવે છે.'

'થોડા દા'ડા એવું થશે, કારણ કે વેગ છે; પણ પછી મનમાંથી નીકળી જશે. ભૂલી જ જવાનું. એમાં શાંતિ છે. જે કંઈ થયું છે એ તારા સારા માટેનું જ છે. ભવિષ્યમાં

તમને બેયને મુશ્કેલી આવવાની હોય, એના કરતાં ભગવાને અત્યારથી જ એ નામંજૂર કર્યું. માટે શાંતિથી સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ... ભજન કરજે. આ તારા હિતની વાત છે. આત્મહત્યા કરવાનો વિચાર કરતો નહીં. આટલું આ મારું વચન માન અને જીવમાંથી એવી દૃઢતા કર કે ભગવાને જે કર્યું છે એ સારા માટે જ છે. પ્રાર્થના કરજે અને જે થયું એને ભૂલી જજે.'

સ્વામીશ્રીએ પ્રત્યેક ઘાયલ યુવાહૃદય માટે આ વાત કરી દીધી.

## ૪૪ બેમાંથી એકે નીકળી જવું...

પરદેશથી એક મહિલાએ લખી મોકલેલું: 'મારા પતિ હમણાં ઘણા સમયથી મંદિરે આવતા નથી અને હરિભક્તોના અભાવ લે છે. હું પોતે પણ કાર્યકર તરીકે સેવા તો આપું છું, પણ હુંય અભાવ લઉં છું. ઘરમાં પણ ખૂબ ઝઘડા થાય છે. એકબીજાનો દોષ કાઢીને ઝઘડીએ છીએ. આપે જ મારા પતિને કંઠી પહેરાવી છે, પણ હવે દયા કરો. મારાં જ સંતાનો સાથે ગુસ્સાના આવેગમાં ઢોરની જેમ વર્તન કરી નાંખું છું. મને અને મારા પતિને ગુસ્સો આવે ત્યારે વાણીનો વિવેક છૂટી જાય છે. ગુસ્સો ન આવે એવું કરો.'

પત્રની આ વિગત વાંચી સ્વામીશ્રી મર્માળું હસ્યા ને બોલ્યા : 'સ્વભાવ ટળશે તો જ શાંતિ થશે.' પછી

જવાબમાં લખાવ્યું કે 'ગુસ્સો આવે ત્યારે સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ.. ભજન કરવું અને બેમાંથી એક જણાએ ત્યાંથી નીકળી જવું.'

## ૪૫ લક્ષ્મીજી પધાર્યાં...

'તું મરી જા.' બે દીકરી બાદ, ગર્ભમાં ઊછરી રહેલું ત્રીજું સંતાન પણ દીકરી જ છે તે જાણ થતાં એક પતિએ, પોતાની પત્ની સમક્ષ આમ આગ ઓકી કાઢી. વારંવારની આવી ટોકણીથી ત્રસ્ત તે મહિલાએ સ્વામીશ્રીને લખી જણાવ્યું : 'મને જિવાડવી હોય તો દીકરો આપો ને દીકરો ન જ આપવો હોય તો ધામમાં લઈ જાઓ.'

પુત્ર ઝંખતી આવી જ એક અન્ય મહિલાએ પણ સ્વામીશ્રીને લખેલું : 'આપે મારા પતિને આશીર્વાદ આપેલા કે તારી પેઢી અને તારી આગળની પેઢી અને તારી પછીની પેઢીનું પણ કલ્યાણ કરીશ. આપના આશીર્વાદમાં વિશ્વાસ રાખી એક દીકરી પછી ફરી વાર બાળક માટે વિચાર્યું. મેં પણ પૂજા ચાલુ કરી દીધી. સત્સંગ પરીક્ષા આપવાની પણ તૈયારી કરી. ડુંગળી-લસણ પણ બંધ કર્યાં. અક્ષર દેરીની પણ માનતા રાખી. પરંતુ ભગવાને વિશ્વાસઘાત કર્યો – દીકરી આવી. જે લોકો પાપ કરે છે એને ત્યાં પુત્ર આવે છે અને મેં વિશ્વાસ રાખ્યો તો એનું આવું પરિણામ? મને દુઃખ થયું છે એટલે મેં પૂજા બંધ કરી દીધી છે.'

સ્વામીશ્રીએ આ બંને મહિલાઓને જવાબ લખાવતાં આમ જણાવેલું :

‘ભગવાન સર્વકર્તા છે. માટે જે આવે એ સ્વીકારી લેવું. એનાથી સુખી થવાશે. દીકરી જન્મી એ પેઢી જ છે ને ! માટે જે થયું તે સારા માટે હશે ! શ્રીજીમહારાજની આજ્ઞામાં રહેવું ને બીજો વિચાર ન કરવો.’

એક પુત્રવાંછુ પિતાને પણ પુત્રને બદલે પુત્રીનો જન્મ થયો તેથી બહુ વસમું લાગેલું. તેઓ સ્વામીશ્રીના ખોળામાં માથું મૂકીને રડી પડ્યા ત્યારે સ્વામીશ્રીએ કહેલું : ‘આ તો લક્ષ્મીજી પધાર્યાં કહેવાય. આપણે રાજી રહેવું.’

## ૪૬ પ્રેમ અને શાંતિથી...

‘મારો અને મારી પત્નીનો બાળઉછેર માટેનો અભિગમ જુદો પડે છે. બાળક ક્યાંક તોફાન-મસ્તી કરે તો હું એને પ્રેમથી સમજાવીને પાછો વાળવા માટે પ્રયત્ન કરું છું, પરંતુ એનાં મમ્મી બાળક નાની ભૂલ કરે છતાં પણ એ બાળકને મારે છે અને ખૂબ દબડાવે છે. આને કારણે અમારાં બે વચ્ચે પણ મતભેદ થાય છે. શું કરવું એ સમજણ પડતી નથી.’

સંતતિ-ઉછેરની પદ્ધતિ વચ્ચે પીસાતા પિતાએ સ્વામીશ્રી સમક્ષ આમ પોતાની વેદના ઠાલવી ત્યારે...

સ્વામીશ્રીએ બાળવિકાસનું દિશાદર્શન કરતાં કહેલું : ‘બાળક અબુધ છે. એને પ્રેમથી જેટલી થાય એટલી વાત

કરો અને શાંતિથી સમજાવો. પ્રેમથી કામ લો તો જ એ આગળ વધશે. મારવાથી એ આગળ વધી શકતો નથી. માટે પ્રેમથી, સમજાવટથી જ એને પાછો વાળવો જોઈએ.'

## ૪૭ ...તો બંનેનો સંસાર સુખી

સ્વામીશ્રી સમક્ષ 'અક્ષરામૃતમ્' પુસ્તક વંચાઈ રહેલું. તેમાં વાત આવી કે 'પોતાની સ્ત્રી (પત્ની) સાથે પણ વિવાદ ન કરવો.'

સ્વામીશ્રીએ આ વિગત ફરી વંચાવી અને પછી કહ્યું : 'ઘરમાં પત્ની સાથે વધારે પડતી આર્ગ્યુમેન્ટ (દલીલ) ન કરવી. હાથ જોડવા. સોરી (sorry) કહીને ચલાવવું. ધીરે રહીને શાંતિથી કામ લેવું.'

આટલું બોલી વળી હસતાં હસતાં ઉમેર્યું : 'આ જ વાત પત્નીએ પણ સમજવાની છે. એ પણ ખોટા વાદ-વિવાદમાં ન ઊતરે ને બાંધછોડ કરે તો બંનેનો સંસાર સુખી રહે.'

## ૪૮ આપે એટલું જ કહ્યું હતું...

તા. ૧૯-૬-૨૦૦૬ના રોજ અમદાવાદના એક શ્રેષ્ઠીજન સ્વામીશ્રીનો આભાર માનવા દોડી આવેલા. તેઓ પોતાના જીવનને સુરેખ-સંવાદી બનાવી મૂકનાર સ્વામીશ્રીનાં ચરણોમાં કૃતજ્ઞતા વ્યક્ત કરતાં કહેવા લાગ્યા :

''લગભગ પાંચ-સાત વર્ષ પહેલાં હું જ્યારે આપનાં દર્શને આવ્યો, ત્યારે અમારું કુટુંબ છિન્ન-ભિન્ન હતું. ભાઈઓ-ભાઈઓ વચ્ચે બોલ્યે વહેવાર નહોતો. મેં આપની સમક્ષ આ વાત કરી ત્યારે આપે એટલું જ કહ્યું હતું કે 'તમારા ભાઈઓ કદાચ તમારા ઘેર ન આવે, તમને સહકાર ન આપે અથવા તો તમારી સાથે ઝઘડે, પણ તમારા તરફથી એમને બોલાવવા અને એમના ઘેર જવું, એમના પ્રસંગો સાચવવા.'

આપના આ આદેશ પ્રમાણે મેં કર્યું. એક ભાઈ હૉસ્પિટલમાં હતા ત્યારે મેં જઈને એમની સેવા કરી. એને કારણે પેલા ભાઈઓમાં પરિવર્તન આવ્યું. આજે બધા જ ભાઈઓ મારા ઘેર આવતા થઈ ગયા છે. એટલું જ નહીં, મેં જે આ કર્યું એનાથી મારા અંતરમાં શાંતિ થઈ અને આનંદ આવ્યો.''

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આપણે નમી દઈએ એમાં શાંતિ જ રહે. આપણે શું વહેંચીને લઈ જવાનું છે ?'

## ૪૯ ...તો આગળ વધાય

એક યુવાને જાણે સૌ યુવાનો વતી પ્રશ્ન પૂછતો હોય તેમ સ્વામીશ્રીને પૂછ્યું હતું : 'યુવાનીમાં જીવનને સફળ બનાવવા માટે શું કરવું જોઈએ ?'

ત્યારે સ્વામીશ્રીએ સફળ યુવાનીનો મંત્ર બતાવતાં

જણાવેલું: 'સૌથી પહેલાં ભગવાનમાં શ્રદ્ધા જોઈએ. બીજું, ગ્રંથોનું વાંચન અને ભગવાને આપેલા નિયમ-ધર્મનું પાલન. વ્યસન-દૂષણથી દૂર રહેવું. વ્યભિચાર કરવો નહીં. તો ભગવાન પ્રસન્ન થાય અને ભગવાન પ્રસન્ન થાય તો સફળતા મળે. સારા માણસની સોબત કરવી. વ્યવહારમાં હોય કે સત્સંગમાં કે નોકરીમાં, સારાની સોબત રાખીએ તો આગળ વધાય.'

## ૫૦ ભગવાન આમ કેમ કરે છે ?

'હું મૂળ લેબેનોન દેશનો છું. સન ૧૯૭૫માં ત્યાં યુદ્ધ થયું તે વખતે મારાં માતા અને ભાઈઓ માર્યાં ગયાં. આ ઘટનાને સંભારું છું ને મારું હૃદય વ્યથિત થઈ ઊઠે છે. મારું હૃદય હંમેશા ભારે રહ્યા કરે છે. મારે આ એક જ પ્રશ્ન છે કે ભગવાન આમ કેમ કરે છે?'

હ્યુસ્ટનના સુપ્રસિદ્ધ એન્જિનિયર અને આર્કિટેક્ટ મંઝૂર હુરાની આમ કહેતાં ખરેખર ભાંગી પડેલા. તેઓના હતાશ હૈયામાંથી વારે વારે આ જ પ્રશ્ન ફંગોળાતો હતો: 'ભગવાન આમ કેમ કરે છે?'

તેઓએ જ્યારે સ્વામીશ્રીને આ વ્યથા જણાવી ત્યારે સ્વામીશ્રીએ તેઓનું હૈયું હળવું કરતો સુંદર હિતોપદેશ આપ્યો કે 'ભગવાનને કોઈ પક્ષપાત નથી. એને તો દરેકનું સારું જ કરવું છે. પણ માણસના સ્વભાવ, પ્રકૃતિ ને અહંને લીધે બધાં

દુઃખ-દર્દો થાય છે. દુઃખ આવે છે ને જાય છે, પણ એટલું સમજવાનું કે ભગવાન જે કરે એ સારા માટે જ છે. મૃત્યુ કઈ રીતે થવાનું છે એ ખબર નથી, પણ છે એ નિશ્ચિત વાત છે. આપણને લાગણી હોય એટલે હૃદય ભારે રહે એ સ્વાભાવિક છે. પણ આ બાબતમાં દુઃખને ટાળવા માટે જ્ઞાનની જરૂર છે. અને જેટલાં સારાં કાર્યો કરો એટલી અંતરમાં શાંતિ રહે. તમે સારું કામ કરતા રહો તો ભગવાન રાજી થાય અને એને લીધે અંતરમાં શાંતિ રહે.'

## ૫૧ ગૃહસ્થગીતા

'ગૃહસ્થગીતા' કહી શકાય એવી એક વાત કરતાં સ્વામીશ્રીએ સુરતના બે ભાઈઓને ભવનું ભાથું બંધાવતાં કહેલું :

'તમે બધા મહેનત કરીને આગળ આવ્યા છો. હવે મિલકતની બાબતમાં ઝઘડો છે તો થોડું મોટું મન રાખીને, અંદરોઅંદર બેસીને, એકબીજાના વિચારો સાંભળી લઈને કામ પતી જાય એ કરવું. કારણ કે બહાર કરવા જશો તો એ બધાને તો ભેગા કરવા કરતાં ઝઘડાવવામાં વધારે રસ હોય છે. કોર્ટ-કચેરી કરીએ એમાં ખોટા ખર્ચા થાય ને વૈમનસ્ય પણ ઊભું થાય. મન નોખાં રહ્યાં કરે અને પછી આપણા છોકરાઓમાં પણ એ જ ભાવના ચાલુ રહે. એટલે એવું ન થાય એનું ધ્યાન રાખજો. પૈસા મહત્ત્વના નથી. મહત્ત્વનો છે

એકબીજાનો પ્રેમ રહે એ. કુટુંબભાવના રહે એ અગત્યનું છે.

માટે મિલકતનો ભાગ પાડતી વખતે આ વિચાર કરજો. કોઈ કોઈનું નસીબ લઈ જવાનું નથી. નસીબમાં હશે તો આવવાનું જ છે. માટે પૈસાને મહત્ત્વ આપ્યા સિવાય કુટુંબભાવનાને મહત્ત્વ આપજો. નસીબ હશે તો છોકરાં પણ કમાશે. માટે એ ચિંતા ભગવાન પર છોડી દેવી.'

## ૫૨ નો(No) તર્ક, નો(No) સંશય

સૌને પીડતી-પીલતી એ સાર્વજનિક સમસ્યાથી આ મુમુક્ષુ પણ બાકાત નહોતો. તેમાંથી છુટકારો મેળવવા જ તેણે સ્વામીશ્રીને પૂછી નાંખ્યું : 'ટેન્શન ન થાય તેનો ઉપાય ખરો ?'

'હા, ગુરુ કહે એ પ્રમાણે ચાલવું એ ફોર્મ્યુલા. એમાં નો(No) તર્ક, નો(No) સંશય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

## ૫૩ ...આ રીતની જાહેરાત કરો

'આજના જમાનામાં આપના જેવા સંતોનાં આંખોથી દર્શન કરતાં, નેત્રને પ્રભુ મળ્યા હોય એવો આનંદ થાય છે. આપને નમ્ર વિનંતી છે કે ગુરુપૂર્ણિમાના દિવસે પ્રત્યેક હરિભક્તને આપ એવો આદેશ આપજો કે વૃક્ષો વાવે. આપના સિવાય આ પૃથ્વીને નંદનવન કોઈ બનાવી નહીં

શકે. મારી આ નમ્ર વિનંતી છે.' સ્વામીશ્રી પર આ પ્રકારની નનામી ચિઠ્ઠી આવેલી.

જે સ્વામીશ્રીની પ્રેરણાથી લાખો વૃક્ષો વવાયાં હતાં, તેઓને વૃક્ષો વાવવાની અપીલ કરવા બાબતે આ અનુરોધ હતો. છતાં સ્વામીશ્રીએ તે ગુજારિશ મનમાં ધારી લીધી અને ગુરુપૂનમના દિવસે પોતાના આશીર્વાદની સમાપ્તિ બાદ વ્યવસ્થાપકને સૂચના આપતાં કહ્યું કે 'સર્વે હરિભક્તો પોતાના ગામમાં કે ગામના ચરામાં કે જ્યાં અનુકૂળ હોય ત્યાં એક વૃક્ષ વાવવાનો નિયમ લે, જેથી પર્યાવરણને લાભ થાય. આ રીતની જાહેરાત કરો.'

આ જાહેરાત સ્વામીશ્રીની સરળતા, અહંશૂન્યતા અને લોકહિત માટે કંઈક કરી છૂટવાની કરુણાના ત્રિવેણી સંગમે પ્રગટ થઈને જનજનનાં હૈયાં સુધી પહોંચી ગઈ.

## ૫૪ ...એમ ન થવું જોઈએ

અટલાદરા મુકામે સ્વામીશ્રીના સાંનિધ્યમાં જન્માષ્ટમીનો ઉત્સવ યોજાયો હતો. ઉત્સવ સભાનો સમય રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ વાગ્યાનો ગોઠવવામાં આવેલો. સ્વામીશ્રીએ તે અંગે પૂછપરછ કરી, એટલે સંતોએ કહ્યું: 'આપને આમાં કંઈ ફેરફાર કરાવવો હોય તો જણાવો. આપ કહો એમ કરીશું.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'હું નહીં, બધાનું શું કહેવું છે? 'હું કહું એમ જ થવું જોઈએ' એમ ન થવું જોઈએ. સર્વાનુમતે થવું

જોઈએ.'

સંવાદિતાનો સંગીન સુઝાવ સ્વામીશ્રીના શબ્દોમાંથી સરી પડ્યો.

## ૫૫ શું વિશેષ છે ?

એ સત્સંગી યુવક કોઈક પરપ્રાંતીય યુવતીને મન આપી ચૂકેલો. આ સંબંધે મા-બાપની અસંમતિ હતી છતાં આગ્રહવશ તેઓએ લગ્ન કરવાની સંમતિ આપી હતી. થોડા વખતમાં લગ્ન થવાનાં હતાં. સત્સંગી યુવાને ડુંગળી-લસણ વગરની રસોઈથી માંડીને ઘણી બાબતે યુવતીને સંમત કરી દીધેલી. પરંતુ એક વાતે ગાડું અટકેલું. યુવતીની ઈચ્છા એવી હતી કે 'લગ્નના દિવસે ઈંડાંવાળાં બિસ્કિટ મારે બધાંને પીરસવાં.'

આ મડાગાંઠનો ઉકેલ લાવવા તે યુવાન સ્વામીશ્રી પાસે પહોંચ્યો ને કહેવા લાગ્યો : 'મને એમ લાગે છે કે તેને ધીમે ધીમે સત્સંગમાં વાળવી હોય તો આટલું બાંધછોડ કરીએ, તો એ દુઃખાય નહીં.'

યુવાનની દલીલમાં રહેલી પરવશતા કોઈથી અજાણી ન રહે તેવી હતી. તેથી સ્વામીશ્રીએ તેને કહ્યું : 'આપણાથી માંસાહાર તો કરાવાય જ નહીં. એ છોકરીએ લસણ-ડુંગળીથી માંડીને બધું મૂકી દીધું તો એને આ મૂકવામાં શું વાંધો છે ?'

'મારા મનમાં એમ કે એને બધી બાબતે 'ના' પાડીએ

છીએ તો આ બાબતે એનું મન સાચવી લઈએ, તો આગળ તેને સત્સંગી કરવામાં વાંધો ન આવે.' યુવાન પોતાની મૂઢતા પર ડહાપણનો પુટ ચઢાવતાં બોલ્યો.

પણ સ્વામીશ્રીએ એ છોતરું ઉખાડી તેને વાસ્તવિકતાનું ભાન કરાવતાં કહ્યું : 'તને પરણવાની ગરજ છે તો એને નથી? તેં આ છોકરીને પરણવા માટે તારાં મા-બાપની મો'બત મૂકી દીધી ને એનું ધાર્યું કર્યું તો આટલું તારું ધાર્યું એ ન કરે? એને સમજાવવું કે ઈંડાં ખવડાવવાથી મોટપ વધવાની છે? અને ન ખવડાવે તો લગ્ન તૂટી જવાનું છે? બધા પ્રકારની ધામધૂમ થશે. અમે પ્રાર્થના કરીશું. એની બુદ્ધિમાં ભગવાન પ્રવેશ કરશે. ખાવું એ વિશેષ છે કે નિયમ-ધર્મ પાળવા વિશેષ છે? નિયમ-ધર્મ પાળવાથી ભગવાન રાજી થશે. ખાવાથી શું થવાનું?'

માયકાંગલો એ યુવાન મજબૂત બની વિદાય થયો.

## ૫૬ રીત જગત સે ન્યારી...

તા. ૮-૪-૧૯૮૪ના દિવસે એન્ટવર્પમાં એક મુમુક્ષુએ સ્વામીશ્રીને પૂછેલું કે 'અમને સ્વભાવનું ઘર્ષણ થતાં સામેની વ્યક્તિમાં એ જ દેખાય. આપ તો દરેકના સ્વભાવ જાણો છો છતાં કઈ દૃષ્ટિ રાખો છો?'

'ભગવાન અને સંત કોઈના ગુના સામે જોતા નથી. જાણવા છતાં નહીં જોવાનું, દેખવા છતાં આંધળા થવાનું,

સાંભળવા છતાં બહેરા થવાનું. સામેની વ્યક્તિમાં ૯૯ અવગુણ હોય પરંતુ એક તો ગુણ હોય ને ?' સ્વામીશ્રીએ જણાવેલું.

## ૫૭ ...ક્યારેય પ્રયત્ન નહીં

સંસ્થાના એક કાર્યવિભાગ અંગે વિમર્શ કરતાં કરતાં સ્વામીશ્રી ભોજન માટે પધારી રહેલા. પોતાના કાર્યવિભાગનો અહેવાલ આપતાં એ સંચાલક બોલ્યા : 'હું તો અમારા વ્યવસ્થાપકોને ખાસ સૂચના આપું છું કે આપણે હોય એનાથી ક્યારેય વધારે કહેવું નહીં.'

સ્વામીશ્રી તરત જ આ વાતને સમર્થન આપતાં બોલ્યા : 'બરાબર છે. સરકાર કે સમાજને છેતરવાનો પ્રયત્ન ક્યારેય કરવો નહીં. જેટલું આપણે કરીએ છીએ એનાથી ઓછું કહેવાય તો વાંધો નહીં, પણ ખોટા આંકડા આપવાની કાંઈ જ જરૂર નહીં.'

સ્વામીશ્રી રજનું ગજ કરનારા નહીં, પણ ગજનું રજ કરી જીવનારા હતા.

## ૫૮ ટેક્નોલોજી

'બાપા! જુઓ, આ અમારી ટેક્નોલોજી છે. આ પારદર્શક કેપ્સ્યૂલમાં બે સૂક્ષ્મ કેમેરા આવે છે. આ કેપ્સ્યૂલને દર્દી ગળી જાય પછી એના ફોટા અંદર રહેલા કેમેરા લઈ

લે. અંદરના અવયવોના ફોટા લઈને એની ઈમેજ બહારના રિસીવરમાં મોકલે. એનાથી આંતરડાથી માંડીને શરીરના બધા જ અવયવોની સ્થિતિનો ખ્યાલ આવી જાય. આ અમારી ટેક્નોલોજી આપને બતાવી. હવે આપની ટેક્નોલોજી અમને બતાવો.'

શિકાગોના એક ડૉક્ટરે જ્યારે સ્વામીશ્રી સમક્ષ આમ રજૂઆત કરી ત્યારે સ્વામીશ્રીએ જણાવેલું કે 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી એ અમારી ટેક્નોલોજી છે. આપણે આત્મા છીએ, અક્ષર છીએ, બ્રહ્મ છીએ એ જ્ઞાન દૃઢ કરવું. આપણાં કોઈ સગાં-સ્નેહી નથી, મા-બાપ પણ નથી. આ મનાઈ જાય તો માયાના ભાવથી મુક્ત થઈ જવાય.'

## ૫૯ ...એ જુએ જ છે

લ્યૂટનના એક સત્સંગીએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'મારી દુકાનમાં એક હરિભક્ત નોકરી કરે છે. તેઓ જબરજસ્ત નિષ્ઠાવાળા છે. પણ તેઓને પગમાં ખૂબ જ તકલીફ છે. ઊભું રહેવાતું નથી. બે-ત્રણ દિવસે પાટાપિંડી કરવા હૉસ્પિટલમાં જવું પડે છે. ભગવાન ભક્તને આવું દુઃખ કેમ આપતા હશે ?' એક સત્સંગીની અનુકંપા આમ નીતરી રહી.

ત્યારે સ્વામીશ્રીએ તેઓને જણાવ્યું કે 'ભક્ત સાચા હોય પણ અમુક વખત તેઓ પ્રારબ્ધ લઈને આવ્યા હોય, એ બધું ભગવાન સામટું ભોગવાવી દે, એટલે ફરી એને આ દુનિયામાં

આવવું જ ન પડે. અક્ષરધામમાં પહોંચી જાય.'

'પણ એવા ભગતને આ જ રીતે લઈ જવાના? બીજો કોઈ રસ્તો નથી?'

'કસર તો કાઢવી જ પડે ને! ભગવાન આવું દુઃખ મૂકીને જગતમાં, માયામાં, દેહમાં આસક્તિ હોય તો તેને કાઢે છે. એને પછી એવું જ થઈ જાય કે 'હે ભગવાન! હવે મને કાઢો.' માટે દુઃખ આપે એ પણ સારા માટે કરતા હોય છે. આપણી અંદર જે કંઈ કસર રહી ગઈ છે તે બધી નીકળી જાય. ચોખ્ખા થઈ જઈએ એટલે ભગવાન સિવાય કોઈ જગ્યાએ વૃત્તિ ન રહે. પછી આપણે વ્યવહાર કરીએ તોપણ ભગવાનમાં વૃત્તિ રહ્યા કરે.'

'આપની વાત બરાબર છે. પણ આવા ભક્ત હોય એની સામે તો ભગવાને જોવું જ જોઈએ ને!'

'એ જુએ જ છે કે આ વખતે અક્ષરધામમાં લઈ જ જવો છે. પ્યોર (pure) થાય તો જ લઈ જાય ને!'

સ્વામીશ્રીની આ રીત છે – સત્સંગીની સુયોગ્ય સંભાવના પણ કરવી, સાથે સાથે સમજણ પણ દૃઢાવવી.

## ૬૦ કાયમ અને કદી નહીં

એક વાર સ્વામીશ્રીને સંતોએ પૂછ્યું : 'આપને કયો વિચાર અખંડ રહે છે?'

'ભગવાનનો.' પછી ઉમેર્યું : 'કયો વિચાર ક્યારેય નથી

આવ્યો તે કહું. કોઈનું અહિત થાય એવો વિચાર ક્યારેય નથી આવ્યો. સદાય હિતના જ વિચાર આવે છે.'

## ૬૧ હું ચલાવતો જ નથી...

એક વાર મંગળભાઈ નામના સદ્‌ગૃહસ્થે સ્વામીશ્રીને પૂછ્યું કે 'આટલા બધા ૫૦૦થી વધારે મંદિરો (સન ૨૦૦૩ની સાલ સુધીના સંદર્ભે) અને આટલો બધો આખા દેશ-પરદેશમાં સત્સંગ! તો આપ આ બધું શાંતિથી કેવી રીતે ચલાવો છો?'

આ સાંભળતાં જ સ્વામીશ્રી એકદમ હસવા લાગ્યા અને હાથ જોડીને બોલ્યા: ''હું ચલાવતો જ નથી. ગુરુ અને ભગવાન, એ બે જ બધું ચલાવે છે. અમે માનતા જ નથી કે 'અમે કંઈ કરીએ છીએ.' ભગવાન કર્તા-હર્તા છે. જ્યારે એવું આપણે માનીએ કે 'આપણે કરીએ છીએ,' તો કોઈક કાર્ય થાય ને કોઈક ન થાય તેમાં આપણે નિરાશ થઈ જઈએ. આપણે આપણી જાતે પોતાનો સંપૂર્ણ પરિશ્રમ કરવો. પછી ફળ ભગવાનને જે આપવું હોય તે એમના ઉપર આધારિત છે. અને કદાચ સફળતા ન મળે તોપણ આપણા હિતમાં છે, એવું આપણને દૃઢ મનાવું જોઈએ.

અમારા ગુરુએ અમને શીખવ્યું છે કે પાણીમાંથી દેગડો ભરીને તમે માથે મૂકો તો તેનો ભાર તમને સતત રહ્યા કરે, પણ પાણીમાં જ ડૂબકી મારી દો તો ટનબંધ પાણી માથેથી પસાર

થઈ જાય છતાં ભાર લાગતો નથી. એટલે અમે કાંઈ કરતા જ નથી. ભગવાન અને ગુરુ એ બે જ બધું કરે છે. જો અહં-મમત્વ થાય તો દુઃખનો પાર નથી. એટલે ભગવાન અને ગુરુ બધું જ કરે છે એવું અમે સતત માનીએ છીએ. એવી રીતે આખી સંસ્થાનું સંચાલન થાય છે.'

## ૬૨ અખંડ સાથે જ

સપ્ટેમ્બર, ૧૯૯૮માં એડિસન ખાતે વિખ્યાત વર્તમાનપત્ર 'ફિલાડેલ્ફિયા ઈન્ક્વાયરર'ના તંત્રી અને પુલિત્ઝર પુરસ્કાર વિજેતા શ્રી રોનાલ્ડ પટેલ સ્વામીશ્રીનો ઈન્ટરવ્યૂ લઈ રહેલા. હૃદયની બાયપાસ સર્જરી કરાવ્યા બાદના સ્વામીશ્રીના અનુભવોને પકડવા તેઓ મથી રહ્યા હતા.

રોનાલ્ડે પૂછ્યું : 'આપ જ્યારે બાયપાસ સર્જરી પછી ભાનમાં આવ્યા અને આપને ખબર પડી કે આપ પૃથ્વી પર છો ત્યારે આપને સૌથી પહેલો વિચાર કયો સ્ફુર્યો હતો ?'

'ભગવાનનો.' લેશપણ વિલંબ વિના સ્વામીશ્રી બોલ્યા.

રોનાલ્ડે ઝીણી આંખો કરી આગળ પૂછ્યું: 'સર્જરી બાદ ભાનમાં આવ્યા ત્યારે આપને એવો ખેદ ન થયો કે હું અહીં પાછો આવ્યો પરંતુ ભગવાન પાસે પહોંચી ન શક્યો ?'

'ના, ભગવાન અખંડ સાથે જ છે.'

સ્વામીશ્રીનો આ સ્પષ્ટ અને ત્વરિત ઉત્તર સાંભળતાં જ

એ પત્રકારનાં નેત્રો વિસ્ફારિત થઈ ગયાં.

## ૬૩ હીરો તો અમારો હતો

ગામડિયાને પણ આધુનિક કહેવડાવે એવો એ. જીવન એનું એનાં કપડાં જેવું જાડું ગણો તો ખોટા ન પડો. વેશ સામાન્ય. બુદ્ધિ અતિ સામાન્ય. બોલી પણ એવી. ગૌશાળામાં સેવા કરે. પરંતુ સ્વામીશ્રી તેને કાયમ હળે-મળે. તેની પાસે બેસે. તેની વાતો સાંભળે. નામ એનું હીરો ભરવાડ.

સન ૧૯૯૭માં તેનો અક્ષરવાસ થયો ત્યારપછીનો ઘટનાક્રમ રસપ્રદ છે.

હીરાના અવસાનના સમાચાર સાંભળી સ્વામીશ્રીએ ગૌશાળાના સંચાલકને બોલાવી કહ્યું : 'હીરાનું બારમું-તેરમું આપણે કરવાનું છે. તેના અસ્થિવિસર્જન કરવા માટે પણ તેના દીકરાઓને સાથે લઈને તમારે જવાનું છે.' આમ કહી સ્વામીશ્રીએ તેની બધી ઉત્તરક્રિયા કરાવડાવી.

હીરાના તેરમાના દિવસે તેની સમગ્ર જ્ઞાતિને જમાડી. તે જોઈ સૌ ભરવાડબંધુઓ સ્વામીશ્રીને કહેવા લાગ્યા : 'હીરાની ખરી સેવા તો તમે કરી છે. અમારી નાતમાં બધાને ખૂબ અહોભાવ થયો છે કે પ્રમુખસ્વામીએ હીરાની પાછળ કાટિયા સુધીનું બધું કર્યું છે.'

આ સાંભળી સ્વામીશ્રી માત્ર આટલું જ બોલ્યા : 'હીરો તો અમારો હતો.'

ત્યારે સૌ ભરવાડોને પણ થયું કે 'પ્રમુખસ્વામી અમારા છે.'

## ૬૪ આજે કઈ તારીખ થઈ ?

અમેરિકાથી આવેલા નૈમિષને જોતાં જ સ્વામીશ્રી બોલવા લાગ્યા : 'તારા બાપુજીનું નામ રમેશભાઈ. એના બાપુજી ભાઈલાલ. એના ચતુરભાઈ ને એમના શામળભાઈ....'

પાંચ-પાંચ પેઢીને લેશ ખચકાટ વગર આમ સડસડાટ બોલી જતા સ્વામીશ્રીને જોઈ, સૌ તેઓની સતેજ સ્મૃતિશક્તિને વંદી રહેલા. ત્યાં જ અહો આશ્ચર્યમ્ !

હરિભક્તોને મુલાકાત આપ્યા બાદ સ્વામીશ્રી પત્રલેખનમાં પરોવાયા. એક પત્ર લખાઈ ગયા પછી તેઓ ક્ષણભર માટે અટકી ગયા ને આજુબાજુ જોવા લાગ્યા. તે જોઈ કો'કે પૂછ્યું : 'કંઈ કામ છે ?'

'આજે કઈ તારીખ થઈ ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

સ્વામીશ્રીના મુખે આ પ્રશ્ન સાંભળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા, કારણ કે આજે સવારે જ ૯૨,૦૦૦ હરિભક્તોની હાજરીમાં તેઓની ૭૪મી જન્મ-જયંતી શાનદાર રીતે ઊજવાયેલી. તે નિમિત્તે કંઈ કેટલાય કલાત્મક હારતોરા અર્પણ થયેલા. શુભેચ્છાપત્રો અપાયેલા, પરંતુ હરિભક્તોની પેઢીઓની પેઢીઓ યાદ રાખનાર

સ્વામીશ્રી પોતાના જન્મદિનની તારીખથી બેખબર હતા.

શું સ્મરણશક્તિ ! શું વિસ્મરણશક્તિ !

## ૬૫ મધરાતની પ્રાર્થના...

સન ૧૯૯૦ની એ મધરાત અડધી ભાંગી ચૂકેલી. રાત્રિનો સૂનકાર સર્વત્ર છવાયેલો. તેમાં સ્વામીશ્રીના સેવકની આંખ અચાનક ઊઘડી ગઈ. તેઓના કાને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'નો ગુંજારવ સંભળાયો.

'રૂમમાં તો મારા અને સ્વામીશ્રી સિવાય બીજું કોઈ નથી. આ અવાજ ક્યાંથી આવે છે ?' એમ વિચારતાં તેઓ બેઠા થયા ત્યારે ખબર પડી કે સ્વામીશ્રી પલંગ પર પલાંઠી વાળી એકચિત્તે ધૂન કરી રહ્યા છે.

'અત્યારે અડધી રાત્રે આ શાની પ્રાર્થના ?' આમ વિચારતાં સેવક ધૂન અટકે તેની રાહ જોતાં બેસી રહ્યા. આશરે અડધો કલાક બાદ પ્રાર્થના પૂરી કરીને સ્વામીશ્રી સૂવા ગયા ત્યાં જ સેવકે ટેકો આપ્યો. તેથી સ્વામીશ્રી ચોંકી ગયા. તેઓને ફાળ પડી કે 'હું અડધી રાત્રે જાગી-જાગીને ધૂન કરું છું તે કો'ક જાણી ગયું !'

'આપ શાની પ્રાર્થના કરતા હતા ?' સેવકે પૂછ્યું.

'ભારતમાં ભયંકર દુકાળ છે. પાણી વગર લોકો દુઃખી થાય છે. તેથી વરસાદ વરસે તે માટે પ્રાર્થના કરતો હતો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

‘પણ રાત્રે કેમ ?’

‘દિવસે તો સૌને હળવા-મળવામાં સમય જ ક્યાં મળે છે ?’

‘કેટલા સમયથી આમ પ્રાર્થના કરો છો ?’

‘થાય એટલું કરીએ.’ સ્વામીશ્રીએ કોઈ વિશેષ ફોડ ન પાડ્યો.

રાત્રિના અંધકારમાં સ્વામીશ્રીનાં એ કરુણાસભર નેત્રોનો ઉજાશ સર્વત્ર છવાઈ રહ્યો.

## ૬૬ અમને ટેવ પડી ગઈ છે...

એક વાર પત્રવ્યવહારનું કાર્ય પૂર્ણ કરી સ્વામીશ્રી આરામ માટે જવા ઊભા થઈ રહેલા. તે સમયે તેઓએ બાજુમાં પડેલી ટિપાઈ ઉપર રાખવામાં આવેલા ચશ્માંના સ્ટેન્ડમાં પોતાના ચશ્માં ભરાવ્યાં. તે સ્ટેન્ડની બાજુમાં રહેલો ટેબલ લૅમ્પ પણ જાતે બંધ કર્યો. તે જોઈ એક સંત બોલ્યા : ‘આપ એક મિનિટ પણ નવરા રહેતા નથી. જાતે જ ચશ્માં મૂકવાં અને ટેબલ લૅમ્પ પણ જાતે જ બંધ કરવા સુધીની નાનામાં નાની સેવા આપ કરો છો.’

‘આ લાઇટ બંધ કરવા કોઈકને દૂરથી બોલાવવો એ કરતાં આજુબાજુનું કામ છે. આપણે જાતે જ કરી લેવું જોઈએ ને !’ સ્વામીશ્રીએ કહ્યું.

‘પણ ૯૦ વર્ષે તો બીજાને બોલાવાય.’

'આપણને તો ખબર છે ને કે આપણાથી આટલું તો થઈ જ શકે એમ છે? શાસ્ત્રીજી મહારાજ છેલ્લી અવસ્થા સુધી પોતાનું કામ કરતા. યોગીજી મહારાજ પણ કરતા. નજીકનાં કામ જે આપણાથી થઈ શકે એ તો કરવાં જ.'

આટલું કહીને સ્વામીશ્રી ઠાવકાઈથી બોલ્યા: 'મૂળ પ્રશ્ન એ છે કે અમને (સેવા કરવાની) ટેવ પડી ગઈ છે.' એટલું બોલતાં બીજી બાજુનો ટેબલ લૅમ્પ પણ જાતે જ બંધ કરી દીધો.

## ૬૭ સહેજ પણ અણગમો નહીં...

એક સાંજે સ્વામીશ્રી વડોદરા પધારવાના હતા. તે સમયે સ્વામીશ્રીના વડોદરાના કાર્યક્રમોનું આયોજન પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી કરતા.

તેઓએ ગોઠવણ એવી કરેલી કે 'સ્વામીશ્રી સીધા જ માંજલપુરમાં એક હરિભક્તના ઘેર ભોજન માટે પધારે. ત્યારબાદ એ જ વિસ્તારમાં બે-ત્રણ હરિભક્તોનાં ઘેર પધરામણીઓ કરીને અટલાદરા મંદિરે પહોંચે અને આરામ કરે.'

પરંતુ સ્વામીશ્રીને માંજલપુર પહોંચતાં જ સાંજને બદલે રાત થઈ ગઈ. સ્વામીશ્રી ભોજન કરવા બિરાજ્યા ત્યારે તેઓની સાથે જ ત્યાગવલ્લભદાસ સ્વામી પણ જમવા બેઠા. તેઓના મનમાં ગડમથલ ચાલતી હતી કે 'સ્વામીશ્રીને આજે

ઘણું મોડું થઈ ગયું છે. બીજી બાજુ હરિભક્તોને પધરામણી માટે કહી દીધું છે. તેઓ પણ રાહ જોતા હશે. સ્વામીશ્રીને કેવી રીતે વાત કરવી?'

એટલામાં તો સ્વામીશ્રીનું ભોજન પૂરું થયું. સૌની વિદાય લઈ તેઓ દરવાજા તરફ થોડા આગળ વધ્યા કે એકદમ ત્યાગવલ્લભદાસ સ્વામી તરફ ફરીને તેઓને પૂછ્યું: 'હવે શું કાર્યક્રમ છે?'

સ્વામીશ્રીએ સામેથી જ પૂછ્યું એટલે સંકોચ ટળ્યો અને તેઓએ કહ્યું : 'બાપા! બે-ત્રણ હરિભક્તોને પધરામણીની વાત કરી રાખી છે.'

સહેજ પણ અણગમો બતાવ્યા વિના સ્વામીશ્રી બોલ્યા: 'ચાલો.'

...અને રાત્રે બાર વાગ્યાની આસપાસ સ્વામીશ્રી પધરામણી માટે નીકળી પડ્યા!!

## ૬૮ ...તો જીવન આપ્યું કહેવાય

એક વાર સારંગપુરમાં ભોજન કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ એક પાર્ષદે 'શિક્ષાપત્રી'ના શ્લોકોનો મુખપાઠ રજૂ કર્યો. તે સંદર્ભમાં અન્ય એક પાર્ષદે સ્વામીશ્રીને કહ્યું : 'ગુરુનાં દર્શને ખાલી હાથે ન જવું એ શિક્ષાપત્રીની આજ્ઞા છે. તો મારે એક વસ્તુની ભેટ આપને ધરવી છે. સ્વીકારશો ને?'

'બરાબર હશે તો સ્વીકારશું. ભગવાનની વાત હશે, સત્સંગની વાત હશે, ધર્મ-નિયમની વાત હશે તો સ્વીકાર કરીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

ત્યારે તે પાર્ષદ બોલ્યા: 'મારું અડધું આયુષ્ય આપને આપવું છે.'

'સત્સંગની દૃઢતા બરાબર રાખીએ એ જીવન આપવા જેવું જ છે. નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના આ બધા ગુણ આવે એટલે જીવન આપ્યું કહેવાય.' સ્વામીશ્રીએ કહ્યું.

## ૬૯ સ્વાદથી પર વિભૂતિ

'તે વખતે હું સંતોની રસોઈ કરતો. તે આખું સંતમંડળ મોળી રસોઈની રુચિવાળું હતું. યોગીજી મહારાજને મોળું અને ફિક્કું જમવાનું જોઈએ. તેલ- મસાલાનો તમતમાટ તેમને ફાવતો નહીં. સંત સ્વામી અને બાલમુકુંદ સ્વામી પણ મોળું જ જમતા. રહ્યા એક પ્રમુખસ્વામી મહારાજ. તેઓ તીખું જમી શકતા અને તીખું હોય તો તેમને રુચે. પણ નવ મહિના સુધી જે સર્વસામાન્ય રસોઈ મને આવડે તેવી હું બનાવતો. કારણ, હું પણ શિખાઉ હતો, પરંતુ ક્યારેય પ્રમુખસ્વામી મહારાજે રસોઈ અંગે ટકોર કરી નથી. રસોઈમાં ભૂલ થવાનો સંભવ હતો પણ એમણે ક્યારેય સૂચન કર્યું નથી કે 'આમ હતું કે તેમ હતું.' અથવા 'આમ કરવું કે તેમ કરવું.' તેમ જ કોઈ વસ્તુ બનાવવાનું નાનું અમથું

સૂચન પણ નહીં. પત્તરમાં જે પીરસીએ તે તેઓ નતમસ્તકે શ્રીજીમહારાજને સંભારીને જમી જતા. ત્યારે પ્રથમ પરિચય થયો કે આ વિભૂતિ સ્વાદથી પર છે.'

બી.એ.પી.એસ. સંસ્થાની આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓના સંયોજક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીનો આ અનુભવ છે.

## ૭૦ જ્યાં જાઓ ત્યાં અક્ષરધામ

એક કાર્યકર વરસો સુધી સુરત ક્ષેત્રમાં સેવા કરીને બીજા ક્ષેત્રમાં સ્થળાંતર કરી ગયેલા. તેઓનાં પત્ની પણ સત્સંગના કાર્યકર, પરંતુ બીજા ક્ષેત્રનાં મહિલાઓ સાથે તેઓને સુવાણ ન થઈ. તેથી પુનઃ તેઓ સુરત જવાની રઢ લઈને બેઠેલાં. તે કારણે તેઓના પતિ મૂંઝાયેલા.

તેઓની આ વીતક-કથા સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'આમાં તો ફરાફર થાય. મકાન બદલવું પડે, રાચરચીલું બદલવું પડે, ઘરવખરી ત્યાંથી અહીં લાવવી પડે, બધું લાવવું પડે. એના કરતાં સ્વભાવ જ ફેરવે તો કેવું ? સ્વભાવ તો મૂકવો પડે ને ! આકાશમાં જાઓ કે સ્વર્ગમાં જાઓ, ત્યાં પણ સ્વભાવ ન મૂકે ત્યાં સુધી સુખ નથી. એનું એ જ છે. એટલે સ્વભાવનું દુઃખ મૂકવું જ પડે. બધાની સાથે રહેતાં આવડવું જોઈએ. બધાની સાથે રહીને કામ કરવું પડે. અહીં આવે તોય જો સ્વભાવ હોય તો બીજા સાથે નહીં ફાવે. પછી શું થશે ? એક અક્ષરધામમાં જ દુઃખ નથી. એટલે જ્યાં જાઓ ત્યાં

અક્ષરધામની જેમ જ રહો ને !'

## ૭૧ સંતુલન

ગુણ-અવગુણ વચ્ચે રહેલી પાતળી ભેદરેખા જાળવીને જીવવું એ અર્જુનના મત્સ્યવેધ કરતાં પણ વધુ સંતુલનની અપેક્ષા રાખે છે. પ્રમુખસ્વામી મહારાજ તેમાં કુશળ હતા.

તેઓમાં નમ્રતા જોવા મળે પણ નમાલાપણું નહીં.

કરકસર ખરી પણ કંજૂસાઈ નહીં.

દૃઢતા ઠોસબંધ પણ જડતા બિલકુલ નહીં.

ભગવાનનો ભરોસો પૂરેપૂરો પણ આળસ-પ્રમાદ લગીરેય નહીં.

આ સંદર્ભે એક વાર તેઓએ ગાંઠે બાંધવા જેવી વાત કરતાં કહેલું :

'ભગવાન કર્તા-હર્તા છે જ, પણ એ જ ભગવાન આપણામાં રહીને પ્રેરણા આપે છે અને કામ કરાવે છે. એટલે 'ભગવાન બધું કરશે અને ભગવાનની ઇચ્છાથી થશે' – એમ માનીને બેસી ન રહેવાય. પ્રયત્ન પૂરો કરવો જ પડે. ભગવાન કામ કરાવવામાં પ્રેરણા આપે છે અને એ જ નિમિત્ત બનાવે છે. એટલે પ્રયત્ન તો કરવો જ અને પછી ન થાય ત્યારે ભગવાનની ઇચ્છા સમજવી.'

કેવું સુયોગ્ય સંતુલન !

## ૭૨ શેનું દર્શન ?

એક વાર ભોજનમાં સ્વામીશ્રી ખીચડી જમી રહેલા. જમતાં જમતાં પત્તરમાં ખીચડીનો છેલ્લો દાણો બચ્યો હતો. સ્વામીશ્રી ચમચી વડે એ દાણાને લેવાનો પ્રયત્ન કરતા હતા. ચમચી વડે પત્તરની ધારે ધારે દાણાને ઊંચકીને પત્તરના કિનારે લાવ્યા પછી પણ એ દાણો ચમચી ઉપર આવવાની જગ્યાએ પત્તરની ધાર ઉપરથી નીચે કૂદવાનો પ્રયત્ન કરતો હતો. એટલે સ્વામીશ્રી તરત જ એને પાછો વાળીને પત્તરમાં નાંખતા હતા.

ચાર-પાંચ વાર આ રીતે પ્રયત્ન કરવા છતાં દાણાએ દાદ ન દીધી. એટલે સ્વામીશ્રીએ ચમચી એક બાજુ મૂકીને જમણા હાથથી દાણો પકડી મોંમાં મૂકી દીધો. પત્તર ચોખ્ખુંચટ થઈ ગયું.

આ લીલા જોનારા સૌ વિચારી રહ્યા કે 'આ શેનું દર્શન હતું ? પોતાનાથી એક દાણો પણ બગડવો ન જોઈએ તેવી સ્વામીશ્રીની ચીવટ- ચોકસાઈનું ? કે યોગમાં આવેલાને ઠેઠ સુધી ન મૂકતાં તેનો ઉદ્ધાર કરવો તે સ્વામીશ્રીની કરુણાનું ?!'

## ૭૩ ...એ જ આરામ

સ્વામીશ્રીનો સત્સંગલાભ લેવા તેઓ સાથે વિચરણમાં

જોડાયેલા શ્રી હર્ષદભાઈ રાણાએ એક વાર સ્વામીશ્રીને કહ્યું કે 'આપની જોડે વિચરણમાં અમારે એક મહિનો ને બે દિવસ થયા. આટલું ફર્યા એમાં અમે થાકી ગયા. તમારે તો ૩૬૫ દિવસ ફરવાનું હોય.'

કો'કે વળી ટાપશી પૂરી : 'રવિવારે અમારે તો રજા પણ તમારે તો સજા જેવું. સવારથી સાંજ સુધી આપ કામમાં જ વ્યસ્ત હો છો. આમાં કોને આરામ કહેવો એ જ પ્રશ્ન છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'હરિભક્તોને મળવું એ જ આરામ. ભજન -કથાવાર્તા થાય એ જ આરામ.'

## ૭૪ ...એ જ રીત રાખવી

'ઘણી વખત મને એવો વિચાર આવે છે કે મારા વિસ્તારમાં જે કોઈ મંદિરો થયાં એમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષપણે મારાથી જે કંઈ સેવા થઈ તેનું પુણ્ય મને કેટલું મળે ?' સ્વામીશ્રી સમક્ષ ગમ્મતના સૂરમાં એક સંતે આમ વાત મૂકી.

સ્વામીશ્રી પણ રમૂજનો દોર આગળ વધારતાં બોલ્યા : 'વંશપરંપરા સુધી પુણ્ય મળે.' પછી સમજણ દૃઢાવતાં કહેવા લાગ્યા : 'આપણે બધું કરીએ પણ ભાગ મળે એવી આશા રાખવી નહીં. નિઃસ્પૃહી રહેવાનું. 'મારાથી થયું છે અને મને ભાગ મળવો જોઈએ' એવી કોઈ ભાવના રાખવી જ નહીં. આપણે ક્યાં કંઈ કરીએ છીએ ? આ તો હજારોને લાભ

થાય એ બરાબર છે.'

'પણ આપણે કામ કર્યું હોય એટલે ઇચ્છા તો રાખવી ને !'

'ઇચ્છા રાખીએ તો ગયા. એ પણ ભાગ જ રાખ્યો કહેવાય ને ! કરનાર અને પ્રેરણા આપનાર કર્તાહર્તા શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ છે. પછી આપણો ભાગ ક્યાંથી આવ્યો ?'

'પણ નિમિત્ત તો કહેવાઈએ ને !'

'જો નિમિત્ત માનીએ તો તો સેવા નકામી થાય. સેવા મળી એ આપણાં મોટાં ભાગ્ય ! સેવા કરીએ એમાં કેવળ ભગવાન રાજી થાય એ જ ભાવના રાખવી. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે કાર્ય કર્યું છે – એ ભાવના રાખવી. એ લોકો પણ ક્યારેય માથે રાખીને ગયા નથી. એ રીત આપણને શીખવી છે, તો આપણે પણ એ જ રીત રાખવી.'

સ્વામીશ્રીના નિષ્કામ કર્મયોગની કક્ષા કેટલી ઊંચી હતી !

## ૭૫ ...એટલે ખચકાટ થતો નથી

અમેરિકાની વૉબાશ કૉલેજના પ્રાધ્યાપક શ્રી રેમન્ડ વિલિયમ્સ બી.એ.પી.એસ. સંસ્થા અને સ્વામીશ્રીને જાણવા પ્રયત્નશીલ હતા. રોજેરોજ સ્વામીશ્રી સેંકડો ભક્તોના પ્રશ્નોનું

સમાધાન કરતા હોય તે એમને મન આશ્ચર્યનો વિષય હતો.

તે સંદર્ભે જ એક વાર તેઓએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આમ જોતાં તો આપને વહેવારનો કોઈ અનુભવ નથી. છતાં આપ કઈ રીતે એ અંગેના ઉત્તરો આપો છો ?'

'ભગવાનને બધો અનુભવ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું .

'કોઈ વાર આપને એવો ખચકાટ થાય છે કે પ્રશ્નનો જવાબ અમુક આપ્યો હોય અને પછી લાગે કે જવાબ જુદો આપ્યો હોત તો સારું?'

'ના, ક્યારેય ખચકાટ નથી થતો.' સ્વામીશ્રીએ સ્પષ્ટ કહ્યું.

'ધારો કે કોઈને દુકાન લેવાની મંજૂરી આપી હોય અને પછી તે દુકાનમાં ખોટ જાય ત્યારે મનમાં વસવસો થાય કે આના કરતાં દુકાન લેવાની ના પાડી હોત તો સારું ?'

'ના. ભગવાન અમને જવાબ સુઝાડે છે. ભગવાન ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું જાણે છે. તો તેમાંથી ભક્તનું અંતે સારું જ થશે. એટલે અમને ખચકાટ થતો નથી.' સ્વામીશ્રીએ કહ્યું.

## ૭૯ અફસોસ શાનો ?

તા. ૧૨-૩-૧૯૮૬ના રોજ એક પત્રકારે સ્વામીશ્રીને પૂછેલું : 'આપને અફસોસનો વિષય કયો ?'

'ભગવાનની ઇચ્છાથી કામ કરીએ છીએ. બધું જ એની

ઇચ્છા મુજબ થાય છે. કદાચ કોઈ કાર્ય ન થયું અને જતું રહ્યું તોય ભગવાનની ઇચ્છા! એટલે કોઈ જાતનો અફસોસ રહેતો નથી.'

## ૭૭ અમારું ઘર

એક વાર હરીશભાઈ નામના હરિભક્તે બોચાસણમાં સ્વામીશ્રીને લાગલું જ પૂછી નાંખ્યું : 'ઘેર આવો છો ને?'

'ક્યાં?' સ્વામીશ્રીએ સ્પષ્ટતા માંગી.

'અમેરિકા આવો ત્યારે ઘેર આવો છો ને?' સ્વામીશ્રી ટૂંક સમયમાં અમેરિકાની ધર્મયાત્રાએ પધારવાના હતા તે સંદર્ભમાં એ હરિભક્ત આમ પૂછી રહેલા.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'આખું અમેરિકા અમારું ઘર છે.' થોડી વારે બોલ્યા: 'આખી દુનિયા નહીં, અનંત બ્રહ્માંડો અમારું ઘર છે.'

'ईशावास्यमिदं सर्वं...' એ ઔપનિષદિક મંત્ર વાતાવરણમાં જાણે ગુંજી ઊઠ્યો.

## ૭૮ એકલવાયાના લાડકવાયા

સન ૧૯૭૪ની વિદેશયાત્રા દરમ્યાન ચંદુભાઈના ઘેર સ્વામીશ્રી પધારેલા. અહીં યજમાનના એક અંગ્રેજ પાડોશી સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. તેઓની ઓળખાણ મેળવતાં

સ્વામીશ્રીને ખ્યાલ આવ્યો કે 'તે ભાઈને મૂકીને તેઓનાં સંતાનો ચાલ્યાં ગયાં છે. તેઓ એકલા-અટૂલા છે. પાછલી જિંદગી દુઃખમાં પસાર કરી રહ્યા છે.'

આ વિગત જાણી સ્વામીશ્રી દ્રવી ઊઠ્યા. તેઓએ તરત જ ચંદુભાઈને ભલામણ કરી કે 'આ અંગ્રેજની એક કુટુંબીજનની જેમ તમારે સંભાળ રાખવી.'

આમ, એકલવાયાને પરિવારનું છત્ર આપી સ્વામીશ્રીએ વિદાય લીધી.

આ વાતને એક દશકો પસાર થઈ ગયો. સન ૧૯૮૪માં સ્વામીશ્રી લંડન પધાર્યા ત્યારે તે અંગ્રેજ સ્વામીશ્રીને મળવા દોડી આવ્યા અને ગદ્ગદિત થઈ સ્વામીશ્રીને કહેવા લાગ્યા : 'આપનો ખૂબ ખૂબ આભાર. છેલ્લાં દસ વર્ષથી આપના આ હરિભક્ત મારી ખૂબ સંભાળ રાખી રહ્યા છે. આપે મારી પાછલી જિંદગી સુધારી દીધી.'

સ્વામીશ્રી આવા કેટલા એકલવાયાના લાડકવાયા બન્યા હશે ?

## ૭૯ અઢળક સુખ

શિખરબદ્ધ મંદિરમાંથી વિદાય લેતી વખતે સામાન્યતયા સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરી સીધા ગાડીમાં બેસતા. પરંતુ એ દિવસે બોચાસણ મંદિરમાંથી વિદાય લેતાં સમયે ઠાકોરજીનાં દર્શન બાદ તેઓનાં ચરણ મંદિરના સભામંડપ

તરફ વળ્યાં. સૌને આશ્ચર્ય થયું કે 'સ્વામીશ્રી કઈ બાજુ જઈ રહ્યા છે?' સૌ તેઓને અનુસર્યા.

ત્યાં તો સ્વામીશ્રી સભામંડપના એક થાંભલાની બાજુમાં બેસી માળા ફેરવી રહેલા વૃદ્ધ, અતિ ગરીબ અને અંધ હરિભક્ત પાસે જઈ પહોંચ્યા. તે ઠાસરાના નિવાસી હતા.

તેઓની પાસે જઈ સ્વામીશ્રીએ કહ્યું : 'જય સ્વામિનારાયણ, મણિભાઈ!'

'કોણ?' પ્રજ્ઞાચક્ષુએ ઓળખ પૂછી.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'હું... પ્રમુખસ્વામી!'

આ સાંભળતાં જ મણિકાકા તો એકદમ પોતાના હાથ લાંબા કરી સ્વામીશ્રીનાં ચરણ શોધવા મંડી પડ્યા. તેઓનો સાદ રુંધાઈ ગયો. બંધ આંખોમાંથી દડ... દડ... આંસુ પડવાં લાગ્યાં.

સ્વામીશ્રી એકદમ નીચા નમ્યા અને તેઓના મસ્તકે હાથ મૂકતાં પ્રેમથી પૂછ્યું: 'કેમ છો?'

મણિકાકાની આંખો તો શ્રાવણ-ભાદરવો વરસાવી રહેલી. તેઓ કશું જ બોલી ન શક્યા.

થોડી વારે તેઓની વાચા ખૂલી ત્યારે ગદ્ગદ હૈયે એટલું જ બોલ્યા: 'ગઈકાલે ગુરુપૂનમે ગિરદીને કારણે મારે સ્વામીબાપાનાં વ્યક્તિગત દર્શન થયાં નહોતાં. અંતરમાં ખૂબ વસવસો હતો. આજે સામેથી આવીને બાપાએ અઢળક સુખ આપ્યું!'

## ૮૦ સ્નેહ-સંજીવની

'બાપા ! મારા ઘેર આવશો ?'

દેવગઢ બારિયામાં બિરાજમાન સ્વામીશ્રીને મલાવના ચાર વર્ષીય બાળક શંભુએ આમ અરજ ગુજારી.

આસપાસ ઊભેલા સૌ તેની આ માંગણી સાંભળી કચવાયા, કારણ કે તેનાં ઘર-ગામ સુધી પહોંચવાનો રસ્તો ધુળિયો અને ઊબડખાબડ હતો. સ્વામીશ્રીના સ્વાસ્થ્યને તદ્દન પ્રતિકૂળ.

...પણ સ્વામીશ્રીએ તેનો સંકલ્પ પૂરો કરવાનો નિર્ધાર કરી લીધો.

બીજે દિવસે રાબોડથી ઘોઘંબા જતાં તેઓએ ગાડી મલાવના માર્ગે લેવડાવી અને જઈ પહોંચ્યા એ બાળકના ઘેર. એ ઘર બાળક જેવું જ નાનું હતું, છતાં સ્વામીશ્રી તેમાં પ્રેમથી બિરાજ્યા. ઠાકોરજીનું પૂજન કરાવ્યું. આરતી પણ થઈ. પરંતુ તે વખતે દોડધામ કરી રહેલા શંભુની ગેરહાજરી સ્વામીશ્રીએ નોંધી લીધી. તેથી તેઓએ પોતાના હાથમાં ઠાકોરજીની મૂર્તિ રાખી તે બાળક પાસે ફરી આરતી કરાવડાવી. એક બાળકના જીવનને સ્નેહ-સંજીવનીથી ભરી સ્વામીશ્રીએ વિદાય લીધી.

## ૮૧ છે કોઇ માપદંડ ?!

સાંજે પોણા ચારના સુમારે સ્વામીશ્રી શૌચવિધિ જવા માટે તૈયાર જ હતા ત્યાં એક મુમુક્ષુ ઉતાવળે આવી પહોંચ્યા ને બોલ્યા: ‘બાપા! મારે આપને અંગત મળવું છે.’

‘આવો.’ કહેતાં સ્વામીશ્રી તેમનો પ્રશ્ન સાંભળવા બેઠા તે બેઠા, સાંજના સાત વાગી ગયા!!

પરંતુ તેઓના ચહેરા પર કોઈ અકળામણ નહીં. એ જ ધીરજ ને એ જ પ્રેમ. સવા ત્રણ કલાક સુધી શૌચવિધિ જવાની ક્રિયાને રોકીને સ્વામીશ્રીએ તે મુમુક્ષુને સંતોષ આપ્યો.

મુલાકાત પૂરી કરી તેઓ રૂમની બહાર નીકળતા હતા ત્યાં જ બીજા એક મુલાકાતી આવી ચઢ્યા. સ્વામીશ્રી ત્રણ-ત્રણ કલાકથી શૌચવિધિ જવાનું રોકી રાખીને બેઠા છે એ પરિસ્થિતિથી તેઓ અજાણ હતા. તેથી તેઓએ કહ્યું: ‘બાપા! બે મિનિટ વાત કરવી છે.’

‘આવો. બે મિનિટ શું કામ? પાંચ મિનિટ બેસીએ.’ એમ કહી તે મુલાકાતી સાથે પણ ઘણું બેઠા.

તેઓને માર્ગદર્શન આપીને વિદાય કર્યા પછી શૌચવિધિ કરવા માટે જ્યારે સ્વામીશ્રી ઊભા થયા ત્યારે આશરે સાડા સાત વાગવા આવ્યા હતા.

સાડા ત્રણ કલાક સુધી શૌચવિધિ ઠેલીને સૌને સાંભળવા પાછળ રહેલી સ્વામીશ્રીની કરુણાને માપવાનો છે

કોઈ માપદંડ ?!

## ૮૨ છઠ્ઠો મુદ્દો

'સ્વામીજી ! ભારત વિકાસશીલ દેશના દરજ્જામાંથી નીકળી વિકસિત દેશોની યાદીમાં આવે તે માટે અમે મુખ્ય પાંચ ક્ષેત્રોમાં પ્રગતિ થાય તે જરૂરી છે એમ નક્કી કર્યું છે : ૧. શિક્ષણ અને સ્વાસ્થ્ય સુરક્ષા, ૨. કૃષિ, ૩. માહિતી અને પ્રત્યાયન(Information & Communication), ૪. માળખાકીય સુવિધા(Infrastructure), ૫. આવશ્યક ટેકનોલોજી(Critical technology). સ્વામીજી ! અમારો મુખ્ય પ્રશ્ન એ છે કે અમે એવા મૂલ્યનિષ્ઠ નાગરિકો કઈ રીતે તૈયાર કરીએ કે જે આ બધાની જવાબદારી વહન કરી દેશને આગળ વધારે ? એમાં તમે કુશળ છો. તે માટે અમારે તમારી સલાહ જોઈએ છે.'

અનેક યુનિવર્સિટીઓ દ્વારા પીએચ.ડી.ની પદવીથી વિભૂષિત, વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક અને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામે ઉપરોક્ત શબ્દો સાથે વિકસિત ભારત માટે સ્વામીશ્રીનું માર્ગદર્શન માંગ્યું ત્યારે સ્વામીશ્રીએ જણાવેલું :

'તમે પાંચ મુદ્દાની સાથે છઠ્ઠો મુદ્દો – ભગવાનમાં શ્રદ્ધા અને સૌ આધ્યાત્મિક રીતે તૈયાર થાય એ પણ ઉમેરો. સારા માણસો તૈયાર કરવા હોય તો એમને પહેલાં ભગવાનમાં

અને શાસ્ત્રમાં શ્રદ્ધા કરાવવી જોઈએ. જે આધ્યાત્મિક સંતો છે તે દ્વારા આ બંને શ્રદ્ધા જાગ્રત થાય છે. તે થાય તો જે પ્રશ્નો છે તે હલ થઈ જાય અને જે કરવા ધાર્યું છે તે થઈ જાય.'

સ્વામીશ્રીએ વિકસિત ભારતના નકશાની રૂપરેખા દોરી આપી.

## ૮૩ હું માફ કરી શકું એમ છું...

'મારે સ્વામીને મળવું છે,' એક વ્યક્તિએ આવીને વ્યવસ્થાપક સંતને વાત કરી. તે વ્યવસ્થાપક આવેલી વ્યક્તિના ભૂલભરેલા ભૂતકાળથી વાકેફ હતા. તેથી તેઓએ જણાવ્યું: 'તને સ્વામીશ્રી સાથે મેળાવી દઉં પણ એક વાત ખ્યાલમાં રાખજે. સ્વામીશ્રી જે કહે તે મૂંગા મોંએ સાંભળી લેજે. કદાચ વઢે-ટોકે તોય...'

મળવા આવનાર વ્યક્તિએ આ બાબતે પૂરી સંમતિ બતાવી, કારણ કે તે એ માટે જ આવી હતી. પોતે કરેલી ભૂલો બદલ 'લોકો મને શું કહેશે?' એ વિચારથી તે અત્યાર સુધી સત્સંગથી ઓઝલ રહેતી હતી. પરંતુ પોતે આચરેલી ભૂલોનો ડંખ તેને કોરી રહેલો. ભૂલો કબૂલી, માફી માંગી તે આજે હૈયું હળવું કરવા જ માંગતી હતી.

જ્યારે તે વ્યક્તિ સ્વામીશ્રીને મળી ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : 'આ તો તેં શું ભૂલ કરી, પણ આના કરતાં અનંત ગણી ભૂલ હું માફ કરી શકું એમ છું. કાંઈ વાંધો નહીં. પણ

હવે મંદિરે આવજે, સાચા ભાવથી. અહીં રહ્યો હોત તો કેટલો મોટો થઈ જાત ?'

## ૮૪ પેલો ફોટો મોકલ્યો ?

વડોદરા જિલ્લાના કુરઈ ગામે એક રાત્રે સામાન્ય ખુરશી પર બિરાજેલા સ્વામીશ્રીને વીંટળાઈને સંતો-ભક્તો બેઠા હતા અને હળવી ગોષ્ઠિ ચાલી રહેલી. તે સમુદાયમાં સ્વામીશ્રીએ ઠિકરિયા ગામના હરિજન ભક્ત છગનને જોયો અને કહ્યું : 'છગન ! કીર્તન ગાઓ.'

છગનને તો સ્વામીશ્રીની આ વાતથી 'દોડવું હોય ને ઢાળ મળે' એવું થઈ પડ્યું. તે ઊભો થઈ અતિ છકમાં કીર્તનો લલકારવા લાગ્યો. રોટલો શેકવાની તાવડીને પણ તારથી સાંધીને જીવનનિર્વાહ કરતો આ છગન છે એવો કોઈને અણસાર પણ ન આવે એવી કેફની મસ્તી તેના રોમેરોમમાં ઊભરાઈ હતી.

કીર્તનો ગાયાં બાદ તેણે યોગીજી મહારાજના કેટલાક પ્રસંગો પણ રજૂ કર્યા. તે દરમ્યાન સ્વામીશ્રીએ એક ફોટોગ્રાફરને બોલાવ્યા અને જાણે કોઈ સ્વજન સાથે ઊભા હોય એ રીતે આ અતિ કંગાલ છગનને પોતાની સાથે ઊભો રખાવી ફોટો લેવડાવ્યો. છગન તો રાજી રાજી થઈ ગયો.

એ તસવીર સાથે છગન અને તેની ભક્તિને અમર કરી સ્વામીશ્રી વિચરણ કરતાં કરતાં મુંબઈ પહોંચ્યા. પેલા

ફોટોગ્રાફર પણ સાથે હતા. તેઓને જોતાં જ સ્વામીશ્રીએ યાદ કરાવ્યું કે 'પેલો કુરઈવાળો ફોટો છગનને મોકલ્યો?'

મોટા કામ કરનારા સ્વામીશ્રી નાના કામને ભૂલતા નહીં.

## ૮૫ બાળસનેહી

તા. ૧૦-૧-૨૦૦૫ની સવારે મુંબઈમાં સ્વામીશ્રીને મળવા માટે ૧૨૫થી વધુ મુલાકાતીઓ હરોળબંધ ઊભા હતા. મુલાકાતોના એ મહાકુંભ પછી કેટલીક તાકીદની મીટિંગોમાં સ્વામીશ્રીને ઉપસ્થિત રહેવાનું હતું. આવા વ્યસ્ત કાર્યક્રમમાં એક મુલાકાતીની સાથે આવેલા બાળકે પોતાની હથેળીમાં માળા રાખીને સ્વામીશ્રી સમક્ષ ધરતાં કહ્યું: 'બાપા! આ માળા પ્રસાદીની કરી આપો.'

સ્વામીશ્રીએ તે માળા પર પોતાનો હસ્ત મૂકી તેને પ્રસાદીભૂત કરી. પરંતુ એ બાળક તરત જ બોલ્યો: 'એમ નહીં. એક માળા ફેરવીને પ્રસાદીની કરી દો.'

સૌને બાળકની આ વાત બેહૂદી લાગી. પરંતુ સ્વામીશ્રીએ પાછળની ગિરદી કે આગળની મીટિંગોને ન ગણકારતાં શાંતિથી એક માળા ફેરવ્યા બાદ, એ માળા જ્યારે બાળકના ગળામાં પહેરાવી દીધી ત્યારે એ બાળકના આનંદનો પાર ન રહ્યો અને આ અદ્‌ભુત દૃશ્ય જોનારાઓના આશ્ચર્યનો પણ પાર ન રહ્યો.

## ૮૬ આખું જીવન જગજાહેર

સન ૧૯૮૮ની સ્વામીશ્રીની વિદેશધર્મયાત્રામાં જોડાયેલા સહપ્રવાસી સંતોને સંભારણું રહે તે હેતુસર હરિભક્તોએ દરેક સંતનો સ્વામીશ્રી સાથે વ્યક્તિગત ફોટો પાડવાનું આયોજન ગોઠવેલું. એક પછી એક સંત સાથે સ્વામીશ્રીનો ફોટો લેવાતો હતો. તેમાં ચાખડી પહેરતાં એક સંતનો વારો આવ્યો. તેથી તેઓએ સ્વામીશ્રીને પણ ચાખડી પહેરી ફોટો પડાવવા અરજ કરી.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'હું ચાખડી પહેરતો નથી તો શું કામ પહેરવી ? ખોટો દેખાવ શા માટે કરવો ?'

'મને દંભ પહેલેથી જ ગમે નહીં...'; 'અમારું આખું જીવન જગજાહેર છે. કાંઈ પ્રાઈવેટ નથી...'; 'જે ઢોંગ કરતા હોય એના જેવું આપણને ન આવડે...' – જેવાં સ્વામીશ્રીનાં વિધાનો આવા પ્રસંગે વિશેષ સમજાતાં.

## ૮૭ કોઇ ટેવ પડી નથી...

સન ૧૯૮૦માં સ્વામીશ્રીને મોતિયાનું ઑપરેશન કરાવવામાં આવેલું. ઑપરેશન બાદ વિશેષ હલનચલન ન થાય તે માટે થોડા સમય પૂરતું ખુરશી- ટેબલ પર જમવાની વ્યવસ્થા સ્વામીશ્રી માટે રાખવામાં આવેલી.

આ રીતે એક વાર તેઓ ભોજન લઈ રહેલા. તે સમયે સામે દર્શન કરવા બેઠેલા એક દર્શનાર્થીએ સ્વાનુભવ વર્ણવતાં સ્વામીશ્રીને કહ્યુંઃ 'હું પણ એક સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ થયેલો ત્યારે ખુરશી-ટેબલ પર જમતો. તો હવે મને એની ટેવ પડી ગઈ છે. હજી એમ થાય છે કે ખુરશી હોય તો સારું. તો આપને પણ આમ જમવાની ટેવ તો નહીં પડી જાય ને !'

'મને અત્યાર સુધી ક્યારેય કોઈ વાતની ટેવ પડી નથી. પહેલેથી જ કોઈ વાતનું બંધન નથી કે આ જોઈશે, તે જોઈશે ! ભગવાનની ઇચ્છાથી જે આવે તે ચાલે.' સ્વામીશ્રી બોલેલા.

## ૮૮ નદીનાં નીર જેવાં

અમેરિકામાં ૧૫૦ શાખા ધરાવતી એક બેન્કના ચૅરમૅન શ્રી ભરતભાઈ જ્યારે સ્વામીશ્રીને મળવા માટે આવ્યા ત્યારે તેઓ કૃતકૃત્ય હતા. વિગત એવી બનેલી કે થોડા દિવસ પહેલાં તેઓ બે-ત્રણ શાખાઓની મુલાકાત લઈને ઘેર પહોંચ્યા ત્યારે તેઓનાં પત્નીને સહજ વાર્તાલાપમાં કહેલું : 'હવે કામ થતું નથી, થાકી જવાય છે.'

તે વખતે એ ગૃહિણીએ પ્રમુખસ્વામી મહારાજનું એક પુસ્તક તેઓ સમક્ષ ધરતાં કહેલું : 'આ જુઓ ! પ્રમુખસ્વામી મહારાજ આટલી ઉંમરે (૮૪ વર્ષે) પણ આટલું વિચરણ કરે

છે અને થાકતા નથી ને તમે આ ઉંમરે ક્યાં થાકી જાઓ છો ? એમના જીવનમાંથી આટલી તો પ્રેરણા લો.'

...અને સ્વામીશ્રીની આ વાત-વિગત જાણતાં જ તેઓ તરવરતા થઈ ગયેલા. પોતાના જીવનમાં હામ અને ઉત્સાહ ભરી દેનાર પ્રમુખસ્વામી મહારાજનો આભાર માનવા જ એ અધિકારી આજે દોડી આવેલા.

નદીનાં નીર ક્યાં, ક્યારે, કેટલાંની તરસ કેવી રીતે છીપાવતાં વહે છે તે જાણવા કોણ સમર્થ છે ?!

અનેક સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા પર રહી કાર્ય કરનાર વિખ્યાત અર્થશાસ્ત્રી શ્રી કામથ પણ કહે છે : 'પ્રમુખસ્વામી મહારાજ મકરાણામાં ગયા અને અતિ મુશ્કેલીઓની વચ્ચે કામ પાર પાડ્યું એ પ્રસંગને મેં મારા જીવનનો સિદ્ધાંત બનાવ્યો છે. ગમે એવાં વિઘ્નો આવે પણ પાછા ન પડવું એ તે પ્રસંગમાંથી હું શીખ્યો છું.'

## ૮૯ જન્મ નથી ને મરણ પણ નથી

'આપને અભિનંદન કહેવામાં મોડો પડ્યો છું, પણ અભિનંદન આપવા છે.' અમેરિકાથી ફોન જોડનાર એક ભક્તે સ્વામીશ્રીને આમ વાત કરી.

તા. ૧૩-૧૨-'૧૦ના દિવસે સ્વામીશ્રીનો ૯૦મો જન્મજયંતી દિન પસાર થઈ ગયેલો. તે ભક્તે તા. ૨૧-૧૨ના રોજ સ્વામીશ્રીને આ ફોન કરેલો. તે સંદર્ભમાં

તેઓ કહી રહ્યા હતા કે 'આપને અભિનંદન કહેવામાં મોડો પડ્યો છું, પણ અભિનંદન આપવા છે.'

તેઓની આ વાત સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'અમે તો અભિનંદનથી પર છીએ. જન્મ નથી ને મરણ પણ નથી. સુખરૂપ છીએ.'

'આપને એવું નથી પણ અમારે તો કહેવું પડે ને!' તે ભક્ત હજી આમ પ્રતિભાવ આપે ત્યાં જ તેઓની બાજુમાં બેઠેલા સંત ફોનમાં બોલ્યા : 'બાપા! આપને હેપી બર્થ ડે.'

તે સાંભળી સ્વામીશ્રીએ પુનઃ દોહરાવ્યું: 'અલ્યા, હમણાં જ પેલાને વાત કરી ને કે અમે તો આત્મારૂપ છીએ, સુખરૂપ છીએ.'

## ૯૦ ...જરૂર નથી

તા. ૧૧-૭-૨૦૦૨ના રોજ ખ્યાતનામ અખબાર 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના ખબરપત્રી શ્રી એસ. બાલક્રિશ્નન સ્વામીશ્રીની મુલાકાતે આવેલા. તેઓ અહોભાવમાં ગરકાવ હતા. વાતવાતમાં કહેવા લાગ્યા : 'પ્રમુખસ્વામી મહારાજ! You are a spiritual engineer. આપ એક આધ્યાત્મિક અભિયંતા છો... આપે કેટલું અદ્ભુત કાર્ય કર્યું છે! દેશના પ્રથમ ઉદ્યોગપતિએ જે કામ કર્યું છે તેથી હજાર ગણું કામ આપનું છે. એમનું કામ તો વ્યાવસાયિક અને ઔદ્યોગિક ક્ષેત્ર પૂરતું છે. જ્યારે આપના કાર્યમાંથી અસંખ્ય

લોકોને પ્રેરણા મળે છે, જાગૃતિ આવે છે અને ધર્મ તરફ વળે છે... મને એવું લાગે છે કે આપને 'ભારતરત્ન'નો ઈલ્કાબ મળવો જોઈએ... જોકે આપ 'ભારતરત્ન' છો જ. પણ અધિકૃત મહોર - ઓફિશિયલ સ્ટેમ્પ લાગવો જોઈએ.'

તેઓની આ વાત સાંભળીને સામે દીવાલ પર રહેલી મૂર્તિ તરફ નિર્દેશ કરી સ્વામીશ્રી બોલ્યા : 'આ ભગવાન સ્વામિનારાયણ અને યોગીજી મહારાજ છે. એમણે ઍવોર્ડ આપ્યો છે તેમાં આનંદ છે ને સંતોષ છે. આ લોકના ઍવોર્ડની જરૂર નથી.'

## ૯૧ અહીં નહીં આપો તો ચાલશે...

સન ૧૯૮૭ના વર્ષમાં ગુજરાતમાં પડેલા ભયંકર દુષ્કાળને હળવો કરવા બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા પશુકલ્યાણ કેન્દ્રો ખોલવામાં આવેલાં. તેમાં પશુની એક માનવતુલ્ય માવજત લેવાતી. આયોજનમાં વૈજ્ઞાનિક અભિગમ અને કાર્યવાહીમાં સેવાની ભાવનાને લીધે, જે આવે તેમના હૈયામાં તે કેટલકૅમ્પ વસી જતા.

આ વાતની જાણ મુંબઈના એક દાનવીર સજ્જનને થઈ. તેઓ સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા અને કહ્યું : 'મારે આપની સંસ્થા દ્વારા ચાલતા કેટલકૅમ્પમાં એક લાખ રૂપિયા આપવા છે.'

પણ તેઓને સ્વામીશ્રીએ જણાવ્યું : 'આ રકમ અમરેલી,

ગઢડા, બોટાદ વગેરે સ્થાનોમાં પણ અન્ય સંસ્થાઓ દ્વારા કેટલકૅમ્પ ચાલે છે તેમાં આપો.'

પોતાની જ સંસ્થામાં દ્રવ્ય ભેગું થાય અને અન્ય પાંજરાપોળમાં પશુઓ ભૂખે મરે એ કેમ ચાલે? – આ સ્વામીશ્રીની ભાવના.

પરંતુ એ સદ્‌ગૃહસ્થે કહ્યું: 'ના, સ્વામીજી! આપના કેટલકૅમ્પમાં જ આપવા છે. તેમાં મને વિશ્વાસ છે. બીજે આ રકમનું શું થશે એ કોને ખબર?'

પણ સ્વામીશ્રીએ તેઓને સમજાવીને તે રકમ અન્ય સ્થાનોમાં દાનમાં અપાવેલી.

આ જ રીતે મુંબઈના એક પરામાં ચાલતા સાંઈ સત્સંગ મંડળે ટ્રેનમાં ભજન-કીર્તન કરીને લાખ રૂપિયા ભેગા કરેલા. એ મંડળના મોવડી આ દાન લઈને સ્વામીશ્રીને આપવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને પણ કહેલું કે 'તમે ગઢાળીના છો તો ગઢડાની પાંજરાપોળને ખાસ મદદ કરજો. અહીં નહીં આપો તો ચાલશે.'

રોજના લાખો રૂપિયાના ખર્ચે સંસ્થાના કેટલકૅમ્પ ચાલતા હોવા છતાં સ્વામીશ્રીની કેવી પરોપકારી ભાવના!

## ૯૨ ફક્ત એક જ વાક્ય

'હું અને મારાં ઘરવાળાં અમારા દીકરાને કહી કહીને થાક્યા હતા; પણ તોય તે ટી.વી. જોવાનું મૂકતો નહોતો.

પણ ગયા વખતે આપે ફક્ત એક જ વાક્ય કહ્યું કે 'ટી.વી. ન જોવું,' ને તેણે તાત્કાલિક ટી.વી. જોવાનું બંધ કરી દીધું.' વૉશિંગ્ટનમાં રહેતા એક પિતાએ આ રીતે સ્વાનુભવની વાત સ્વામીશ્રી સમક્ષ કરેલી.

'પહેલાં મને સ્વાદનો ચટકો બહુ હતો. તેમાંય કેરી જોઉં તો મોંમાં પાણી છૂટે. કોઈ ન આપે તો એના ઉપર પણ ગુસ્સો આવે. રહેવાય જ નહીં. પરંતુ જ્યારે આપે કહ્યું કે 'કેરી માપની જ ખાવી.' ત્યારથી તે ખાવાનું જ મન થતું નથી. આપના એ એક વાક્યનો આ પ્રતાપ છે. આ જ રીતે બધા દોષો પણ કાઢી નાંખજો.' ત્યાગાશ્રમમાં સાધના કરી રહેલા એક ત્યાગીએ એક વાર આ સ્વાનુભૂતિ સ્વામીશ્રીને જણાવેલી.

'મારું યુનિવર્સિટીમાં ભણવાનું શરૂ થયું. સત્સંગમાં આવવાથી નિશ્ચય તો હતો કે બહારના વાતાવરણમાં લેવાવું નહીં. પરંતુ ત્યાં જે બનવાનું હતું તે બની ગયું. હું કુસંગમાં લપેટાઈ ગઈ ને તેને કારણે પરીક્ષામાં નાપાસ થઈ. ખર્ચને પહોંચી વળવા આખો ઉનાળો નોકરી કરવી પડી. મનમાં દુઃખ - પસ્તાવો થતાં હતાં. તેમાં આપનું પ્રવચન સાંભળ્યું ત્યારે એમાં વાત આવી કે 'આજ્ઞામાં જ સુખ છે.' આપનું આ એક જ વાક્ય મારા જીવનમાં પરિવર્તનરૂપ બની ગયું. અત્યારે હું પીએચ.ડી. કરી રહી છું એ આપના એ એક વાક્યનો જ પ્રતાપ.' ઇંગ્લેન્ડની એક યુવતીએ સ્વામીશ્રીને લખી જણાવેલી પોતાની આ કેફિયત છે.

સ્વામીશ્રીના ફક્ત એક-એક જ વાક્ય! પણ કેવી ગાઢ, હકારાત્મક અને દૂરોગામી અસરો!!

## ૯૩ અપરિચિત ચિરપરિચિત

સ્વામીશ્રીના વ્યક્તિત્વથી નૈરોબીના મેયર શ્રી નાથન કહારા એવા તો અંજાયેલા કે નૈરોબી સિટી કાઉન્સિલમાં સ્વામીશ્રીને વિશિષ્ટ ક્રેસ્ટ આપી સન્માનવાનો આખેઆખો સમારંભ જ તેઓએ યોજેલો. આટલું ઓછું લાગ્યું હોય તેમ, મંદિરથી સિટી કાઉન્સિલના સંકુલ સુધી આવવા-જવા માટે ગાડી પણ પોતાની જ મોકલી હતી.

દબદબાપૂર્વક સન્માન સમારંભ સંપન્ન થયો. નૈરોબીના રાજદ્વારી સંકુલમાં કદાચ આ પ્રકારનો એ પ્રથમ પ્રસંગ જ હશે! ભાષા, ધર્મ, દેશ, જ્ઞાતિ વગેરેથી તદ્દન ભિન્ન એવા આ આફ્રિકન નેતાઓ - નાગરિકોએ કોણ જાણે સ્વામીશ્રીમાં શું નિહાળ્યું કે સ્વામીશ્રી તે સૌના દુલારા બની રહ્યા!!

સમારંભ બાદ સ્વામીશ્રીને લઈને મંદિરે આવવા માટે ગાડી રવાના થઈ ત્યારે આવી મહાન વિભૂતિને પોતે હંકારી રહ્યો છે એ વિચારે મેયરનો ડ્રાઈવર પણ ખુશ ખુશ હતો. શરીરમાં ચઢેલા તાવને માપવા થર્મોમીટર શોધાયું છે, પણ મનમાં ઊછળતા આનંદને માપવાનું આવું કોઈ ઉપકરણ અસ્તિત્વમાં નથી. જો તે કદાચ હોત તો તેનો પારો આજે જરૂર આસમાને પહોંચી ગયો હોત એવી એ ડ્રાઈવરની

સ્થિતિ હતી.

તેમાંય સ્વામીશ્રીએ દુભાષિયાની મદદથી તે ડ્રાઈવર સાથે વાર્તાલાપ શરૂ કર્યો. તેના વ્યક્તિગત-સાંસારિક જીવનની વિગતો પ્રેમથી પૂછી. તેથી ડ્રાઈવર તો નવાઈ પામ્યો કે 'આ કેવા મહેમાન! આટલા ટૂંકા સમયમાં મારા જીવનમાં કેટલા નિકટ આવી ગયા! કેટલાંય વર્ષોથી હું મેયર અને મહાનુભાવોને લઈ જઉં છું - લાવું છું, પણ મારામાં આવો રસ કેટલાએ લીધો? તેઓ મારી સાથે જ બેસતા. પણ મારી દરકાર કોને હતી? અને આ સ્વામીજી...!!'

આજે પહેલી વાર એ ડ્રાઈવર વ્યક્તિમત્તાનું ગૌરવ અનુભવી રહ્યો. તેનું રોમરોમ પુલકિત થઈ ગયું. તે આનંદમાં આવીને સ્વામીશ્રીને કહેવા લાગ્યોઃ 'સ્વામીજી! તમને સમય છે? જો સમય હોય તો આ મોટરમાં ફેરવીને તમને આખું નૈરોબી બતાવું.'

માત્ર આવવા-જવામાં જ અપરિચિત જાણે ચિરપરિચિત બની ગયા.

## ૯૪ તમારી સાથે કામ કરવું છે...

તા. ૬-૧૧-૨૦૦૫. એક સીમાચિહ્નરૂપ દિવસ કે જ્યારે દિલ્હી સ્થિત અક્ષરધામનું ઉદ્ઘાટન થયું.

એ સમારંભના અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલા

ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામે સ્વામીશ્રીને જણાવેલું કે –

'હું જ્યારથી અક્ષરધામમાં આવ્યો ત્યારથી મને એક પ્રશ્ન સતત રહ્યા કરતો હતો કે 'લાખો લોકો દ્વારા પાંચ વર્ષમાં આવું ભવ્ય અને દિવ્ય કામ કેવી રીતે બને? પણ અહીં મને એનો જવાબ મળ્યો કે 'સ્વામિનારાયણ ભગવાને આપના આત્મામાં સંપૂર્ણ પ્રવેશ કર્યો છે અને એમાંથી આખું અક્ષરધામ સાહજિક રીતે ખીલી ઊઠ્યું છે.

મેં જ્યારે અક્ષરધામ જોયું અને આપનું કામ જોઉં છું ત્યારે મને થાય છે કે મારે તમારી સાથે કામ કરવું છે; જેથી સમૃદ્ધ, સુરક્ષિત અને આધ્યાત્મિક ભારત તૈયાર થાય. આપ સંપૂર્ણ આધ્યાત્મિકતાનો પુંજ છો. તમારી પાસે એટલી દિવ્ય શક્તિ છે કે આ કામ (અક્ષરધામ) જોઈને મને એમ લાગે છે કે આ દુનિયામાં બધું જ શક્ય છે. માટે આપની સાથે મળીને કામ કરવું છે.'

## ૯૫ એનું નામ સંત

આજે સ્વામીશ્રી પર ભાવનગર જિલ્લાના એક ગામમાંથી પત્ર આવ્યો હતો. પત્ર લખનારને પોતાના ખેતરમાં નવો કૂવો ગાળવાનો હતો. તે કૂવો ક્યાં કરવો તેના માર્ગદર્શન માટે તેણે જમીનનો નકશો પણ પત્ર સાથે બીડેલો.

સ્વામીશ્રીએ લગભગ પાંચેક મિનિટ સુધી એ નકશાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો અને પછી તે નકશામાં એક ચોક્કસ જગ્યાએ નિશાની કરીને ત્યાં કૂવો ગાળવા માટે લખી જણાવ્યું.

આ જ રીતે આહવા(ડાંગ)ના એક ગામમાંથી કોઈ આદિવાસીએ પણ 'ખેતરમાં બોર ક્યાં કરવો ?' તે પત્ર દ્વારા પૂછાવેલું અને સાથે ખેતરનો નકશો પણ મોકલેલો. આ વિગત માટે પણ સ્વામીશ્રીએ પાંચેક મિનિટનો સમય કાઢ્યો અને ત્યારબાદ નકશા પર નિશાની કરી તે જગ્યાએ બોર કરવા કહી મોકલ્યું.

સ્વામીશ્રીનાં આ દર્શન કરનારને સંતની એક વ્યાખ્યા યાદ આવી ગઈ કે 'જેને નાનામાં નાની વ્યક્તિના, નાનામાં નાના કામ માટે પણ સમય હોય એનું નામ સંત.'

## ૯૬ અનોખો વિદાય સમારંભ

સન ૧૯૮૪-'૮૫માં અનામત આંદોલનનો ભરડો ગુજરાતના ગળે ભીંસાયો હતો. સતત આઠ મહિનાથી ભડકેલી આંદોલનની આગથી પ્રજા ત્રાહિમામ પોકારી ગયેલી. તે સમયે સૌ માટે આશાનું કિરણ સ્વામીશ્રી હતા. તેઓ ગુજરાતની શાંતિ માટે તનતોડ પ્રયત્નો કરી રહેલા.

આ માટે તેઓ અમદાવાદ સ્થિત બી.એ.પી.એસ. મંદિરે સરકારના અગ્રણીઓ તથા પોલીસ વડાને મળ્યા.

ગુજરાતના એક પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિનો પણ અભિપ્રાય જાણ્યો. હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, યહૂદી, જરથોસ્તી વગેરે ધર્મગુરુઓને મંદિરે બોલાવીને શાંતિનો સંદેશો પણ જનતાને અપાવડાવ્યો.

આ સિલસિલામાં એક દિવસ આંદોલનના નેતાઓ સ્વામીશ્રીને મળવા આવેલા. એ જ દિવસે સાંજે આગામી વિદેશયાત્રા નિમિત્તે સ્વામીશ્રીનો વિદાય સમારંભ પણ યોજવામાં આવેલો. હજારો હરિભક્તો તે માટે એકત્ર થયેલા. આ વિદાય સમારંભ અસાધારણ એટલા માટે હતો કે ત્યારપછી થનારી વિદેશયાત્રામાં લંડન ખાતે સ્વામીશ્રીની સુવર્ણતુલા થવાની હતી.

પરંતુ ગુજરાતની શાંતિ માટે સ્વામીશ્રી આંદોલનના નેતાઓ સાથે જે મીટિંગમાં બેઠેલા તે મીટિંગ લંબાતી ગઈ. આ બાજુ વિદાય સમારંભમાં સ્વામીશ્રીને આશીર્વાદ આપવાનો સમય આવી પહોંચ્યો. તેથી સભા-સંચાલક સ્વામીશ્રીને બોલાવવા આવ્યા, પણ સ્વામીશ્રીએ તેઓને થોડી મિનિટો રાહ જોવા કહ્યું. સંચાલક બીજી વાર બોલાવવા આવ્યા ત્યારે પણ સ્વામીશ્રીએ પૂર્વવત્ કહ્યું.

આંદોલનના નેતાઓ સમારંભની અગત્યતા જાણતા હતા. તેથી સંચાલક ત્રીજી વાર બોલાવવા આવ્યા ત્યારે તેઓએ સામેથી સ્વામીશ્રીને સભામાં જવા વિનંતી કરી. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : 'ગુજરાતના પ્રશ્નનું નિરાકરણ થાય ને શાંતિ સ્થપાય એમાં અમારો સમારંભ આવી ગયો.'

...અને એ મીટિંગ ચાલુ રહી. સ્વામીશ્રીનો વિદાય સમારંભ સ્વામીશ્રીની ઉપસ્થિતિ વગર જ સમાપ્ત થયો !

દુનિયામાં કદાચ આવો અનોખો વિદાય સમારંભ બીજો કોઈ નહીં થયો હોય !

'બીજાના સુખમાં આપણું સુખ' એ સ્વામીશ્રીનો જીવનસંદેશ આ વિદાય સમારંભમાં સૌને વગર બોલ્યે ગુંજતો સંભળાયો.

## ૯૭ કોઈ વાંધો નહીં આવે !

પ્રગતિના પંથે પુરપાટ દોડતી બી.એ.પી.એસ. સંસ્થાને જોઈને એક જિજ્ઞાસુએ પ્રમુખસ્વામી મહારાજને પૂછેલું કે 'આપ (બી.એ.પી.એસ.) સંસ્થાને સો વર્ષ પછી કેવી જુઓ છો ?'

ત્યારે પ્રમુખસ્વામી મહારાજે આર્ષદર્શન કરતાં જણાવેલું :

'આ તો ભગવાન અને સંતનું કાર્ય છે. શાસ્ત્રીજી મહારાજ એવા સમર્થ પુરુષ હતા ને એમણે જે કાંઈ કર્યું છે એ ભવિષ્યનો બહુ મોટો વિચાર કરીને જ કર્યું છે. હજારો વર્ષ પછીનો પણ વિચાર કરેલો છે. શાસ્ત્રીજી મહારાજ સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ હતા. એટલે એમને તો દરેક વસ્તુનો સંપૂર્ણ ખ્યાલ હતો. ત્રિકાળજ્ઞાની કહો, દિવ્યદૃષ્ટિ કહો, જગતની દૃષ્ટિએ કહો તો બુદ્ધિશાળીમાં બુદ્ધિશાળી પણ

હતા. એમણે આ સંસ્થા સ્થાપી છે.

સાથે જોગી મહારાજ જેવા પુરુષે સંસ્થાના પાયા મજબૂત કરી આપ્યા છે. તેઓએ સંતો કર્યા પછી એમના સંકલ્પે સંતો વધ્યા ત્યારે એમ થાય કે ખરેખર હવે આ સંસ્થાનું કાર્ય સારી રીતે ચાલશે. એમાં કોઈ જાતનો વાંધો નહીં આવે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિયુક્ત બધા સંતોનું જીવન છે. ભક્તો પણ એવા નિષ્ઠાવાન અને સમર્પિત છે. એટલે સંસ્થા દૃઢ થશે. મૂળ તો ભગવાનનું કાર્ય ભગવાન કરે છે. એટલે સંસ્થાનો વિકાસ સારી રીતે થશે જ. કારણ કે કરનાર પુરુષની દીર્ઘદૃષ્ટિ હતી. કો'ક ને કો'ક પુરુષો પછવાડે જાગ્રત રહેશે કે જેને લઈને આ સંસ્થા હંમેશને માટે - સો વર્ષ પછી કે એ પછીનાં વર્ષો બાદ પણ સારી રીતે વ્યવસ્થિત ચાલશે એવો વિશ્વાસ છે. એમાં કોઈ વાંધો નહીં આવે !'

## ૯૮ એમાં બધું આવી ગયું...

'આપ સાગર સમા અગાધ અને વિશાળ છો; પરંતુ સાગરમાં તો ખારાશ છે, જ્યારે આપમાં તો નરી મીઠાશ છે. એટલે આપ સાગર જેવા નથી... આપ વૃક્ષ તુલ્ય પરોપકારી છો; પરંતુ વૃક્ષ તો એક ઠેકાણે રહીને જ પરોપકાર કરે છે, જ્યારે આપ તો દરેક ઠેકાણે પધારી પરોપકાર કરો છો. એટલે આપ વૃક્ષ જેવા નથી...'

વિદ્યાનગરના છાત્રાલયમાં રહેતા એક યુવાને આ રીતે યથાર્થતા અને વિસંગતિને વણી લઈને એક લેખ તૈયાર કરેલો. સ્વામીશ્રી સમક્ષ તે લેખ રજૂ કરીને તેણે સ્વામીશ્રીને જ પૂછ્યું : 'હવે આપ જ જવાબ આપો કે આપ કોણ છો ?'

'અત્યાર સુધી સમાગમ કરીને તેં શું નક્કી કર્યું છે ?' સ્વામીશ્રીએ સામે તે યુવકને પૂછ્યું.

'મને તો કંઈ ખ્યાલ નથી આવતો. મેં તો જે સૂઝ્યું એ આ જણાવ્યું.' યુવાનની આ વાતનો પ્રતિભાવ આપતાં સ્વામીશ્રી કંઈ બોલ્યા નહીં, ઉકાળો પીવા લાગ્યા. એટલે એ યુવાને ફરી પૂછ્યું : 'બોલો, મારા પ્રશ્નનો જવાબ શું છે ? આપ કોણ છો ?'

'અક્ષરનું... ભગવાનનું સ્વરૂપ છે. એમાં બધું આવી ગયું.' સ્વામીશ્રીએ જણાવેલું.

## ૯૯ શ્રેષ્ઠ પળ

તા. ૧૨-૭-'૯૪ના રોજ ડલાસમાં બાળકો-કિશોરોએ સ્વામીશ્રીને પૂછેલું કે 'આપના માટે દિવસની શ્રેષ્ઠ પળ કઈ ?'

'મહારાજ (સ્વામિનારાયણ ભગવાન) સાથે જ ચોવીસ કલાકની બધી પળો છે. એટલે બધી જ પળો શ્રેષ્ઠ છે.' સ્વામીશ્રીએ જણાવેલું.

## ૧૦૦ હમ તો સેવક હૈ...

'આપ તો સાક્ષાત્ ઈશ્વર હૈ.' દિલ્હીનું અક્ષરધામ જોઈ પ્રભાવિત થયેલા એક મહાનુભાવ દ્વારા સ્વામીશ્રી પ્રત્યેનો અહોભાવ ઉપરોક્ત શબ્દો દ્વારા ઊછળી આવેલો. પરંતુ તે સાંભળતાંવેંત સ્વામીશ્રીના ઉદ્‌ગારો હતા : 'નહીં... નહીં... હમ તો સેવક હૈ.'

એક વાર લંડનના શ્રીકૃષ્ણમૂર્તિને સત્સંગી યુવાનોને જમાડવાની ઈચ્છા થઈ ત્યારે તેણે એની ભાષામાં સ્વામીશ્રીને પૂછેલું : 'બાપા ! કઈ પાર્ટી આપું ?' (એટલે કે 'શું જમાડું ?')

'ભગવાનની જે ઈચ્છા હોય તે.' સ્વામીશ્રીએ જણાવેલું.

ત્યારે તે યુવાને કહ્યું : 'તમે જ અમારા ભગવાન છો. તમે જેમ કહો તેમ...'

જ્યાં એ યુવાને આ વાત કરી ત્યાં જ અધવચ્ચે તેને અટકાવતાં સ્વામીશ્રી બોલી ઊઠેલા : 'ભગવાન તો એક શ્રીજી-મહારાજ છે, આપણે તો એના દાસ છીએ; ભક્ત છીએ.'

અટલાદરામાં સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવેલા એક તબીબ શ્રી હેમંતભાઈએ સ્વામીશ્રીને જણાવ્યું કે 'હું તો 'જય પ્રમુખસ્વામી' કહીને ઑપરેશન કરું છું ને ૧૦૦% સફળતા મળે છે.'

ત્યારે સ્વામીશ્રીએ કહેલું : 'પહેલાં 'જય સ્વામિનારાયણ' બોલવું. અમે તો સેવક છીએ.'

❧ ❧ ❧